**આજનો સુવિચાર**
આવડત કેવી રાખો કે તમને હરાવવા માટે કોશિશ નહીં પણ કાવતરા કરવા પડે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૫ જૂનાગઢ તા.૨૬-૧૧-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 295, Junagadh : Date : 26 November, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ગતરાત્રે ચોટીલા નજીક બોલેરો-ટ્રક વચ્ચે ભયાનક ટક્કર : એકજ પરિવારની ચાર મહિલાઓના કરૂણ મોત



## લીંબડીના શિયાણી ગામનો કોળી પરિવાર પિતૃકાર્ય માટે સોમનાથ જઈ રહ્યો હતો : અકસ્માતમાં ૧૮ વ્યક્તિઓને ગંભીર ઈજા

ચોટીલા તા. ૨૬

અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે અકસ્માતનું હબ બની ગયું છે. અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે ઉપર રોજબરોજ નાના મોટા અકસ્માતો સર્જાય છે અને લોકોના જીવ જતા હોય છે ત્યારે ગત મોડી રાત્રે ચોટીલા આપાગીગાના ઓટલા નજીક બોલેરો પીકઅપ કાર અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો છે અકસ્માતમાં ચાર મહિલાઓના મોત નીપજવા પામ્યા છે ૧૮ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે આ અંગેની જાણ થતા ચોટીલા પોલીસ તાત્કાલિક ત્યાં દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા આપાગીગાના ઓટલા નજીક રાત્રે અકસ્માત સર્જાયો છે બોલેરો પીકપ કાર અને ટ્રક સામસામે અથડાયા છે જેમાં લીંબડીના શિયાણી ગામના રેથરીયા કોળી પરિવારના ચાર સગા દેરાણી જેઠાણી ના ઘટના સ્થળે કરૂણ મોત નીપજવા પામ્યા છે અને ૧૮ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે હાઈવે મોતની કિકિયારીઓથી ગાજી ઉઠયો હતો. ગંભીર પ્રકારનો અકસ્માત સર્જાયો છે જેને લઈને હાલમાં પરિવાર શોક મગ્ન બની જવા પામ્યો છે.

ભોગ બનનાર પરિવાર પિતૃકાર્ય માટે સોમનાથ જતા હતા તે દરમિયાન આ અકસ્માત નડવા પામ્યો છે જેમાં મગજીબેન ગોબરભાઈ રેથરીયા દલાલબેન રેથરીયા મંજુબેન રેથરીયા અને ગૌરીબેન બેન રેથરીયા નું મોત નીપજવા પામ્યું છે આ અંગે ચોટીલા પોલીસ તાત્કાલિક દોડી જાય મૃતકો ની ડેડબોડીને પીએમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે અને હાઈવે ઉપર જે અકસ્માત સર્જાયેલા વાહનો છે તે હટાવવાની કામગીરી પણ ચોટીલા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આ અકસ્માતમાં ૧૮થી વધુ લોકોને ઈજાઓ પહોંચી છે તેમને સુરેન્દ્રનગર અને રાજકોટની સરકારી હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

# દેશનો આર્થિક વિકાસદર વધશે મોંઘવારીમાં રાહત મળવાના સંકેતો

નવી દિલ્હી, તા.૨૬:

ખરીફ સિઝનમાં સારી ઉપજ અને રવિ સિઝનમાં સારી વાવણીની શકયતાને કારણે ખાદ્ય ચીજોની મોંઘવારી ઘટવાની શકયતા છે. ગ્રામીણ વિસ્તારોમાં માલસામાનની સારી માંગ છે અને શહેરી વિસ્તારોમાં બેરોજગારી ઘટી રહી છે. આયાતના આંકડા દર્શાવે છે કે દેશમાં માલસામાનની મજબૂત માંગ છે, જે મજબુત અર્થવ્યવસ્થાનો સંકેત આપે છે. નાણા મંત્રાલયે જારી કરાયેલી ઓક્ટોબર માટેની માસિક આર્થિક સમીક્ષામાં આ વાત કહી છે. તેણે એમ પણ કહ્યું કે વૈશ્વિક મોરચે અનિશ્ચિતતા સહિત કેટલાક પડકારો છે, પરંતુ આગામી મહિનાઓમાં દેશની અર્થવ્યવસ્થાની સ્થિતિ સારી રહેવાની અપેક્ષા છે.સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે કેટલીક ખાદ્ય ચીજોના ભાવ હજુ પણ ઊંચા છે, પરંતુ ખરીફ સિઝનમાં સારા કૃષિ ઉત્પાદન અને રવિ સિઝનમાં સારી વાવણીની સંભાવનાને ધ્યાનમાં રાખીને આગામી મહિનાઓમાં ખાદ્ય ફુગાવો ઘટવાની શકયતા છે. નવેમ્બરના પ્રારંભિક વલણોએ મુખ્ય ખાદ્ય ચીજોના ભાવમાં નરમાઈનો સંકેત આપ્યો છે.

જોકે, વૈશ્વિક કારણોને લીધે દેશમાં ફુગાવો અને સપ્લાય ચેઈન પર અસર ચાલુ રહી શકે છે. ઑક્ટોબરમાં છૂટક ફુગાવો ૬.૨ ટકાના ૧૪ મહિનાના ઉચ્ચ સ્તરે હતો. ખાદ્ય મોંઘવારી દર ૧૫ મહિનાની ટોચે ૧૦.૯% પર પહોંચી ગયો છે.

**હરસ, ભગંદર, ફીશરની**
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
**ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ**
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

# સરદારધામના ઉપપ્રમુખ જયંતિભાઈ સરધારા પર જૂનાગઢના પીઆઈ સંજય પાદરીયાએ હુમલો કર્યો

## હત્યાની કોશિષની ફરિયાદ : ખોડલધામના ચેરમેન નરેશ પટેલના ઈશારે હુમલો કરાયો હોવાનો આક્ષેપ

રાજકોટ તા.૨૬

રાજકોટ મનપાના પૂર્વ કોર્પોરેટર અને સરદારધામના ઉપપ્રમુખ જયંતીભાઈ સરધારા પર જૂનાગઢના પોલીસ ઈન્સ્પેકટર સંજય પાદરીયા દ્વારા હુમલો કરવામાં આવતા ભારે ચકચાર મચી ગઈ છે. હુમલામાં ઘાયલ થયેલા જયંતીભાઈ સરધારાએ ખોડલધામના ચેરમેન નરેશ પટેલના ઈશારે તેમના પર હુમલો કરાયો હોવાનો આક્ષેપ કરાતા મામલો વધુ ગરમાયો છે. તો બીજી તરફ ઘટના બન્યાના ૧૦ કલાક બાદ હવે ખોડલધામ તરફથી પણ પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં કહેવાયું છે કે, આવી બાબતમાં નરેશ પટેલનું નામ લેવું વાજબી નથી. આ સમગ્ર મામલે એક તરફ સામાસામા આક્ષેપો થઈ રહ્યા છે તો બીજી તરફ જયંતીભાઈ સરધારા પર હુમલો કરનાર PI સંજય પાદરીયા સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આમ ગુજરાત પોલીસ માટે વધુ એક કલંકિત ઘટના સામે આવી છે. જૂનાગઢ એસઆરપી રિજીયન PI સંજય પાદરિયા સામે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# અદાણી ગૃપને ફટકો : વિદેશી ઈન્વેસ્ટરોએ મોઢું ફેરવી લીધું

નવી દિલ્હી,તા.૨૬

ભારતના બીજા નંબરના સૌથી મોટા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામે અમેરિકામાં લાંચ - છેતરપીંડીના કેસ તથા ધરપકડ વોરંટ બાદ અદાણી જૂથને વધુ ઝટકો લાગ્યો છે. વિદેશી ઈન્વેસ્ટરો નવા રોકાણ કરવામાં મોઢુ ફેરવવા લાગ્યા છે.

ફ્રાંસની એનર્જી કંપની ટોટલ એનર્જીએ જાહેર કર્યુ છે કે, અમેરિકન કેસમાં ગૌતમ અદાણીને કલીનચીટ નહીં મળે ત્યાં સુધી નવુ રોકાણ કરવામાં નહીં આવે. અદાણી ગ્રુપમાં સૌથી મોટુ રોકાણ કરનારી કંપનીઓ પૈકી ટોટલ એનર્જી પણ એક છે. અદાણી ટોટલ ગેસ, અદાણી ગ્રીન એનર્જી જેવી કંપનીઓમાં ફ્રાંસની આ કંપનીનું રોકાણ છે.

ફ્રાંસની કંપની અદાણી ગ્રીન એનર્જીમાં ૧૯.૭૫ ટકાની ભાગીદારી ધરાવે છે. આ સિવાય પણ ત્રણ સંયુક્ત સાહસમાં પણ ૫૦-૫૦ ટકાની ભાગીદારી છે. અદાણી ટોટલ ગેસમાં પણ ૩૭.૪ ટકાની ભાગીદારી છે.

## ● સમાચાર રાઉન્ડઅપ ●

- ઈસ્લામાબાદમાં સ્થિતિ વણસી : શુટ એટ સાઈટનો ઓર્ડર : ચાર રેન્જર્સને કાર નીચે કચડી નાખ્યા.
- મુંબઈમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કારની ઘટના.
- હવે પાનકાર્ડ બદલાઈ જશે : ક્યુઆર કોડમાં સમગ્ર કુંડળી આવી જશે. જોકે, હાલનું પાનકાર્ડ બંધ નહીં થાય-પાન નંબર બદલાશે નહીં.
- આજે બંધારણ દિવસ : રાષ્ટ્રપતિ દ્વારા બન્ને ગૃહોને સંબોધન
- મહારાષ્ટ્ર વિધાનસભાની મુદ્દતનો આજે અંતિમ દિવસ : મુખ્યમંત્રી પદેથી એકનાથ શિંદેએ રાજીનામું આપ્યું.
- એસ્સાર ગૃપના સહ સંસ્થાપક શશી રૂઈયાનું અવસાન.
- ચંડીગઢમાં બે પ્રચંડ વિસ્ફોટ થતાં ભયનો માહોલ : બાઈક સવાર શખ્સો વિસ્ફોટ સર્જીને ફરાર : સમગ્ર વિસ્તાર કોર્ડન કરાયો.

હાર્દિક શુભેચ્છા....
**રૂદ્રાક્ષ**
ડેન્ટલ કલિનીક એન્ડ ઈમપ્લાન્ટ સેન્ટર
**ડો. મલ્કેશ પાણખાણીયા**
સમય : સવારે ૯.૩૦ થી ૧.૩૦
સાંજે : ૫.૦૦ થી ૮.૦૦
હરિસિધ્ધિ કૃપા, જોષીપરા, મોનાર્ક રેસીડેન્સી, ગંધારવાડી, જૂનાગઢ. મો. ૯૭૨૫૦ ૪૧૩૩૬

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...
બારેમાસ ભરવા લાયક
ગુલાબ બ્રાન્ડ શુધ્ધ સીંગતેલ તથા ગુલાબ બ્રાન્ડ શુધ્ધ કપાસીયા તેલ
:: ઉત્પાદક ::
**માંગરોળ ઓઈલ મીલ**
મું.માંગરોળ

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5050/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
**મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો.. આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨


ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે







PARDAWALA
- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
**સી.સી. પડદાવાલા**
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહાર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રર્વતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનુ સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



### સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી વર્ષ-૨૦૨૫ને "રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ " તરીકે ઘોષિત

# યુનાઈટેડ નેશન્સ મહાનુભાવોનું પાટનગર ખાતે આગમન ભારત મડપમ્-દિલ્હી ખાતે સંયુકત રાષ્ટ્રના સહકારી વર્ષનો પ્રધાનમત્રી નરેન્દ્ર મોદી દ્વારા ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ






## સહકાર મંત્રી અમીત શાહ, ભુતાનના પ્રધાનમત્રી શેરીગ ટોબગે, ફીજીના નાયબ પ્રધાન મંત્રી માનો કામીકામીકા સહિત ૧૦૦ દેશના ૩૦૦૦ મહાનુભાવોની ઉપસ્થિતિ : આ ગ્લોબલ કોન્ફરન્સને યાદગાર બનાવતી પોસ્ટલ ટીકીટને પ્રધાનમંત્રીએ બહાર પાડીને ભારતની ઉમદા સહકારીતાનો સહયોગ દર્શાવેલ છે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી વર્ષ-૨૦૨૫ને "રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ'' તરીકે ઘોષિત કરવામાં આવેલ તે અતર્ગત ભારત મડપમ્- ન્યુ દિલ્હી ખાતે દેશના જનપ્રિય વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવેલ છે. પાચ દિવસ ચાલનાર ગ્લોબલ કોન્ફરન્સમાં ગૃહ સહકાર મંત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ.દાસો શેરીગ ટોબગે, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ.સી.એ.ના ડાયરેકટર જનરલ જેરોન ડગ્લાસ, આઈ.સી.એ.એ.પી.ના ડો.ચદ્રપાલસિહ, નાફસ્કોબના અધ્યક્ષ રવિન્દ્ર રાવ સહિત વિશ્વના વિભિન્ન દેશોમાંથી પધારેલ સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા છે. ગ્લોબ્સ કોન્ફરન્સને સબોધતા પ્રધાનમંત્રીએ જણાવેલ કે, અમુલ ભારતનુ ગ્લોબલ ટોપ બ્રાન્ડ, સરદાર પટેલએ કિસાનોને એક કર્યા સહકાર અને સરકારથી દેશ સમૃધ્ધિ તરફ જઈ રહયો છે દુનિયાની સહકારી સસ્થાઓમાં દર ચોથી ભારતમાં પેટ્રોલ-ડીઝલ, સોલાર, પાણી વિગેરેમાં સહકારી સસ્થાઓ સામેલ છે. વિકાસ સાથે સહકારી ક્ષેત્રે પણ હરણફાળ ભરી છે ભારતના યજમાન પદે નવી દિલ્હી ખાતે ૨૫ થી ૨૯ નવેમ્બર-૨૦૨૪ સુધી ચાલનાર ઈન્ટરનેશનલ ગ્લોબલ કોન્ફરન્સ અનેક વિકાસની કેડી કડારશે સહકાર દ્વારા વિવિધ ક્ષેત્રોએ વિકાસ અને રોજગારીની નવી આશાઓને મૂર્તિમત કરવા જરૂરી પ્રયાસો આગળ ધપાવવા અનેક વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ સહકાર તાલીમ, યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મૂકવા અને તેની આપૂર્તિ માટે વર્તમાન અને ભાવિ આયોજનો અનેક દેશોના રાષ્ટ્રિય સ્તરે ભારતની ભવ્ય ભૂમિકા તરફ મીટ છે રાષ્ટ્ર-દેશોના વિકાસમા સહકારના મૂળને મજબૂત દેશના આઈસીએ વૈશ્વિક સહકારી પરિષદ અને આઈસીએ જનરલ એસેમ્બલીનું આયોજન આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણ લગભગ ૧૩૦ વર્ષના લાંબા ઈતિહાસમાં પ્રથમ વખત ભારતમાં કરવામાં આવી રહ્યું છે, જે વૈશ્વિક સહકારી ચળવળનું અગ્રિમ નેતૃત્વ કરે છે. ભારત સરકાર અને ભારતીય સહકારી સસ્થાઓ ઈફકો, ક્રિભકો અને અમુલ દ્વારા આ વૈશ્વિક પરિષદ સહકારી ક્ષેત્રના વિકાસની નવી દિશા ખોલનાર બની રહયુ છે. આ કાર્યક્રમનો મુળભુત ઉદ્દેશ સહકારથી સમૃધ્ધી ઉપર કામ કરશે. આ કાર્યક્રમ દેશ વિદેશની સહકારી પ્રવૃતિને સંગઠીત અને હાંસલ કરવામાં વિશ્વભરમાં સહકારી મંડળીઓ દ્વારા પેનલ સત્રો, કાર્યશાળાઓ, સ્થાયી આર્થિક વૃધ્ધિક્ષેત્રમા બદલાવ લાવવાનુ કામ કરશે. કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી એક સ્મારક પોસ્ટલ સ્ટેમ્પ પણ લોન્ચ કરશે જે સહકારી આદોલન પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતાનું પ્રતિક બની રહેશે. આ સ્ટેમ્પમાં કમળનું પ્રદર્શન કરવામાં આવ્યું છે જેના માધ્યમથી આ પ્રવૃતિમાં શાંતી, તાકાત અને વૃધ્ધીની અનુભૂતિ થશે. આ કો.ઓપરેટીવ કોન્ફરન્સ કૃષિ, ડેરી, મત્સયઉદ્યોગ, ગ્રાહક સહકારી મંડળીઓ, સુગર મીલો, ગ્રામીણ સહકારી બેન્કો, ટેકનોલોજી, પ્રવાહી રાસાયણીક ખાતરો, પ્રાથમિક ખેતિવાડી સોસાયટી, ડેટાબેજ, મોડલ બાયલોઝ, ઈ-સેવા, સામાજીક સમતા અને વિકાસને ઉતેજન આપવા ઉપર સવાદ થશે. ૨૦૨૫ના વર્ષને સહકારીતા વર્ષ જાહેર કરવા સાથે આયોજીત આ ગ્લોબલ કોન્ફરન્સને યાદગાર બનાવતી પોસ્ટલ ટીકીટને પ્રધાનમંત્રીએ બહાર પાડીને ભારતની ઉમદા સહકારીતાનો સહયોગ દર્શાવેલ છે સાથોસાથ યુવાનો અને મહિલાઓ સહકારીતાઓમા અગ્રીમ ભૂમીકા ભજવે તે ઉપર ભાર મુકવામા આવેલ હતો. સહકારી ક્ષેત્ર પેટ્રોલ, ડીઝલ, સોલાર અને જળ ક્ષેત્રની કામગીરીમાં પણ યોગદાન આપી રહેલ છે જે પ્રશસંનીય છે.

# બેટ દ્વારકામાં થયેલી કેબલ ચોરી પ્રકરણમાં સાત આરોપીઓ ઝડપાયા: મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાંથી તાજેતરમાં પીજીવીસીએલ ન કિંમતી કેબલ વાયર ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો. આને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ બેટ દ્વારકા પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં પી.આઈ. કે.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી તપાસમાં હાલ ઓખામાં રહેતા અને મૂળ પોરબંદર તાલુકાના રહીશ અરુણ ઉર્ફે બચુ વિજય સોલંકી, વિક્રમ ગોવિંદ સોલંકી, ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના અજય ઉર્ફે લબડી ઘુઘાભાઈ સોલંકી, પોરબંદર તાલુકાના જ્યુબેલી વિસ્તારના મયુર ઉર્ફે મેહુલ રમેશ મકવાણા, અમૃતા ઉર્ફે પુની શ્યામ ઉર્ફે સામો સોલંકી, મનીષ રમેશ સોલંકી, અને યુપીના અયોધ્યા જિલ્લાના મૂળ રહીશ પ્રતાપ નારાયણ ચોરસીયા નામના સાત આરોપીઓને બેટ દ્વારકા વિસ્તારમાંથી જ ઝડપી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી રૂપિયા ૬૪,૮૦૦ ની કિંમતનો ૧૬૨ કિલો કોપર વાયર કબજે લેવામાં આવ્યો છે.

# દેવભૂમિ દ્વારકા યાત્રા મહોત્સવ યોજાયો





(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૬

પ્રેરક શ્રી કૃષ્ણકુમારજી મહોદય શ્રી(કડી-અમદાવાદ-જેતપુર)ની અધ્યક્ષ શ્રી આશ્રય કુમારજી મહોદય શ્રી(કડી-અમદાવાદ- જેતપુર) દ્વારા દ્વારકા યાત્રા મહોત્સવ યોજાયો હતો. જે દ્વારકામાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજમાં યાત્રાનો મુકામ થયો હતો. તા.૨૨, ૨૩, ૨૪ ૨૦૨૪ નવેમ્બર ત્રિદિવસીય યાત્રા કાર્યક્રમમાં ૨૨ નવેમ્બરે બરડીયા ગુસાઈજી બેઠકજી ઝારી ચરણ સ્પર્શ, નંદ મહોત્સવ, પલના મહોત્સવ, સ્વાગત સભા, રાત્રે મુકામ ઉપર ક્રિષ્ના લીલા થયેલ હતી. ૨૩ નવેમ્બર દ્વારકા ધ્વજાજી શોભાયાત્રા એવમ દ્વારકાધીશ પ્રભુ મનોરથ, બેટ દ્વારકા ધ્વજાજી શોભાયાત્રા એવમ દ્વારકાધીશ પ્રભુ મનોરથ, શ્રી મહાપ્રભુજી બેઠકજી દ્વારકા ઝારી ચરણ સ્પર્શ અને છાક મનોરથ, રાત્રે મુકામ ઉપર હાલારી રાસનું આયોજન થયું હતું. ૨૪ નવેમ્બરે મૂળ ગોમટા બેઠકજી, ગુર્ગઢ બેઠકજી ત્યાં આંબા મનોરથ એવમ પ્રવચન સભા અને પિંડતારા બેઠકજીનું આયોજન ખુબ સરસ થયેલું હતું. યાત્રામાં દ્વારકામાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજમાં યાત્રાનો મુકામ થયો હતો અને મુકામ વ્યવસ્થામાં શ્રી એમએલએ જયેશ રાદડિયાનો ખૂબ સહયોગ આ યાત્રામાં મળ્યો છે એવમ શ્રી રમેશભાઈ ધડુકનો પણ ખૂબ સહયોગ દ્વારકા ધજાજીના મનોરથમાં પ્રાપ્ત થયો છે. યાત્રામાં દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકએ પણ હાજરી આપી હતી. દ્વારકા યાત્રામાં દેશ-વિદેશના વૈષણવોએ ખૂબ મોટી સંખ્યામાં જોડાઈને લાભ લીધો અને ભાવવિભોર બન્યા હતા.

# જૂનાગઢનાં દાતાર રોડ શ્યામ ચેમ્બરવાળી ગલીમાં ગટર ઉભરાતા લોકોને હાલાકી

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ દાતાર રોડ શ્યામ ચેમ્બર વાળી શેરીમાં લગભગ ૧ માસ થયાં ગટર ઉભરાણી છે. રોડ ઉપર બદબુ મારતું ખરાબ પાણી નીકળે છે. ગટરની લાઈન નવી નાખી હોવા છતાંય જૂની ગટર માંથી ખરાબ પાણી વહે છે. આસપાસનાં વેપારીઓ દ્વારા મનપા કમિશ્નર તેમજ વોર્ડ ઈન્ચાર્જને પણ રૂબરૂ તેમજ ફોનથી રજુઆત કરી છે. પણ હજુ રીપેર કરવાં કોઈ ફરકતું નથી.આ વિસ્તારનાં વેપારી તેમજ રાહદારી આના કારણે પરેશાની ભોગવી રહ્યાં છે. અહીં નાં વેપારી નું કહેવું છે કે તંત્ર દ્વારા આ નો નિકાલ થાય અને ગંદકી દૂર થાય તેવું ઈચ્છે છે. જોકે જૂનાગઢ શહેરમાં હાલ કેટલાક વિસ્તારમાં ડામર, કલર, રીનોવેશન થાય છે પણ આ પછાત વિસ્તાર માં કોઈ વિકાસ થયો નથી. વિકાસ કરવો હોય તો બધાં વિસ્તાર માં કરવો જોઈએ તેવું વેપારી ઓનું કહેવું છે. વધુમાં આસપાસ કોલેજ તેમજ વિદ્યાર્થી છાત્રાલય અને રહેણાંક વિસ્તાર હોય આ ગંદકી થી મચ્છર નો ઉપદ્રવ વધ્યો છે. જેમાં હાલ ડેન્ગ્યુ જેવી બીમારી પણ વધી છે. આથી આ ગટર સાફ કરાય તેવી કોલેજ સંચાલક તેમજ આહીર વિદ્યાર્થી ભુવન તેમજ વેપારી ઓ ગિરીશ ભાઈ, મકશુદ ભાઈ શેખ, વિજય ભાઈ ચુડાસમા સંયુમ ભાઈ વગેરે ની માંગ છે.આ ગટર ઉભરાવવા થી ધંધા રોજગાર માં અસર પડી છે ત્યારે આ બાબતે તાત્કાલીક કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

### જીવસૃષ્ટિ સામે વધતું જોખમ

# ગિરનાર ફરતેનો જંગલ વિસ્તાર ૧૧ ટકા ઘટ્યો

## વર્ષ ૨૦૦૦થી લઈને ૨૦૨૦ના ગાળાને લઈને શ્રદ્ધા શિંદે દ્વારા ત્રણ ટાઈમ ફ્રેમમાં આ એનાલિસીસ કરવામાં આવ્યું હતુ

ગાંધીનગર, તા.૨૬


સેપ્ટ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા ગિરનાર જંગલ ફરતેના એક સર્વેક્ષણમાં છેલ્લા ૨૦ વર્ષમાં ગિરનારની આસપાસ આવેલા વિસ્તારમાં ૧૧ ટકા જંગલ વિસ્તારનો ઘટાડો નોંધાયો છે. સેપ્ટ યુનિવર્સિટી દ્વારા અર્થ ઓબ્ઝર્વેશન (ઈ) ડેટા દ્વારા કરવામાં જીઓસ્પેશિયલ વિઝયુલાઈઝેશનના આધારે આ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ગિરનારના મુખ્ય મંદિરની આસપાસ છેલ્લા ૨૦ વર્ષમાં ઘણો જંગલ વિસ્તાર ઘટી રહ્યો છે.વર્ષ ૨૦૦૦થી લઈને ૨૦૨૦ના ગાળાને લઈને શ્રદ્ધા શિંદે દ્વારા ત્રણ ટાઈમ ળેમમાં આ એનાલિસીસ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મંદિરની આસપાસનો વિસ્તાર લેવામાં આવ્યો હતો અને તેનું ત્રણ દશકના સમયાંકનમાં જોવામાં આવતાં આજે આ વિસ્તાર ૨૦૦૦ની સાલમાં ૧૭૧.૬૪ ચોરસ કિલોમીટરનો હતો. જે વર્ષ ૨૦૧૦માં ઘટીને ૧૬૭.૪૪ ચોરસ કિલોમીટરનો થઈ ગયો હતો. ૧૦ વર્ષ બાદ ૨૦૨૦માં ૧૪૯.૯૭ ચોરસ કિલોમીટરનો થઈ ગયો હતો.મૂળ ૯૪ ટકા વિસ્તાર હતો તે ૨૦ વર્ષમાં ઘટીને ૮૩ ટકા થઈ ગયો છે૨૦૦૦ની સાલમાં કુલ વિસ્તારમાં ૯૪ ટકા જંગલ હતું. જે ઘટીને ૨૦૨૦માં ૮૩ ટકા થઈ ગયું છે. આ અભ્યાસમાં ૧૮૨ ચોરસ કિલોમીટરનો એરીયા લેવામાં આવ્યો હતો. જે ગિરનાર જંગલ વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યો હતો. જેમાં એરિયાનું સેમ્પલ ૧૯૭થી ૧૦૩૧ મીટર એરિયાનું રાખવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં એક ગામ પણ આવે છે, જ્યાંની વસ્તી ૫૫ની છે. આવું થવાનું મુખ્ય કારણ મંદિરની આસપાસના વિસ્તારોમાં થયેલા બાંધકામના કારણે આ ઘટાડો થવા પામ્યો છે. ગીરનારના આ વિસ્તારમાં મોટા ભાગે પાનખરના અને કાંટાળા પ્રકારના વૃક્ષો આવેલા છે. પાનખરના વૃક્ષોમાંથી સૂકી ઋતુમાં પાંદડા ખરે છે. જ્યારે ઓછા પાણીના વિસ્તારમાં કાંટાળા વૃક્ષો પણ વિશેષ છે. કાંટાળા વૃક્ષોના વિસ્તારમાં ઓછા પાંદડા જોવા મળે છે. અહીં એશિયાઈ સિંહ સાથે દિપડા, ચિતલ હરણ, સાબર, વિવિધ પ્રકારના સરિસૃપ અને વિલુપ્ત થઈ રહેલા પક્ષીઓનો અને નિશાચર પ્રાણીઓનો પણ વસવાટ છે.જો કે જાણકારોનું એવું પણ માનવું છે કે, આ જે ફેરફાર આવ્યો છે તેમાં માનવવસ્તીનો વધારો અને તેમનો ગિરનાર તરફનો ધસારો પણ છે. છેલ્લા ૨૦ વર્ષમાં રોપ વે બાદ જૂનાગઢનું પ્રવાસન વધતાં પણ આ ઘટાડો થયો હોવાની શક્યતા જોવા મળે છે.

# ખંભાળિયામાં અપરણિત યુવતીનું હૃદયરોગના હુમલાના કારણે મૃત્યુ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયામાં રહેતા એક ક્ષત્રિય પરિવારની ૨૭ વર્ષની અપરિણીત પુત્રીનું સોમવારે સવારે હૃદયરોગના ઘાતક હુમલાના કારણે મૃત્યું નિપજ્યાના બનાવે ભારે શોકની લાગણી પ્રસરાવી છે. ખંભાળિયામાં રહેતા વિજયસિંહ કરસનજી વાઢેર (ગાગા વારા) ની ૨૭ વર્ષના પુત્રી યોગીતાબા ગઈકાલે સોમવારે સવારે પોતાના ઘરે હતી, ત્યારે આશરે ૯:૩૦ વાગ્યાના સમયે કામ કરતી વખતે તેણી એકાએક ઢળી પડતા મૂર્છિત અવસ્થામાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ, જ્યાં ફરજ ઉપરના તબીબોએ તેણીને મૃત્યું પામેલા જાહેર કર્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા ભાજપના પ્રમુખ વનરાજસિંહ વાઢેરના નાના બહેન યોગીતાબાના આ પ્રકારે



હાર્ટ એટેકના કારણે એકાએક મૃત્યું નિપજ્યાના બનાવે સમગ્ર શહેર સાથે રાજપૂત સમાજમાં પણ ભારે શોક સાથે અરેરાટી પ્રસરાવી છે. ત્યારે ગત બપોરે ૩ વાગ્યે તેમની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો તેમજ જ્ઞાતિજનો જોડાયા હતા.

## જૂનાગઢમાં પ્રાચીન બહુચર માતાજી મંદિરે આવતીકાલે વાર્ષિક પાટોત્સવની ઉજવણી

જૂનાગઢ તા. ૨૬


જૂનાગઢમાં નવા નાગરવાડા વિસ્તારમાં પ્રાચીન બહુચર માતાજીનું મંદિર આવેલું છે.આવતીકાલે કારતક વદ બારસના દિવસે બહુચર માતાજી મંદિરના વાર્ષિક પાટોત્સની ઉજવણી કરવામાં આવશે. સવારે આરતી પૂજન માતાજીને શૃંગાર બાદ સાંજે ૬:૩૦ વાગ્યે બેન્ડ બાજાની સુરાવલી અને દીપમાળા સાથે મહાઆરતી કરવામાં આવશે.જેનો માઈભકતોએ દર્શનનો લાભ લેવા જણાવ્યું છે.

૩ ડિસેમ્બરે માતાજીને રસ-રોટલીનો ભોગ ધરાશે

માતાજીના અનન્ય ભકત દ્વારા આનંદનો ગરબો લખવામાં આવ્યો હતો તેના સંસ્મરણરૂપે નવા નાગરવાડા ખાતે આવેલ બહુચર માતાજી મંદિરે આગામી માગસર સુદ બીજના તા. ૩ ડિસેમ્બરના મંગળવારે રસ રોટલીનો ભોગ ધરવામાં આવશે.

### મલ્ટીમીડીયા ફોરેન્સીક સાયન્સ એમએસસીની પરીક્ષામાં

# જૂનાગઢની તેજસ્વી વિદ્યાર્થીની ફાતેમા લાસારીએ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો : ગૌરવ વધાર્યુ



જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ શહેરની તેજસ્વી વિદ્યાર્થીની ફાતેમા સરફરાજખાન (દાદુભાઈ) લાસારીએ તાજેતરમાં એમએફએસયુ ગાંધીનગર ખાતે લેવાયેલ મલ્ટીમીડીયા ફોરેન્સીક સાયન્સ એમએસસીની પરીક્ષામાં ૧૦માંથી ૯.૧૪ સ્કોર પ્રાપ્ત કરીને સમગ્ર દેશમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરીને જૂનાગઢ શહેર અને સમાજનું ગૌરવ વધાર્યુ છે. ફાતેમા સરફરાજખાન લાસારીએ જૂનાગઢ બહાઉદીન કોલેજ ખાતે ફોરેન્સીક સાયન્સમાં બીએસસીનો અભ્યાસ કર્યા બાદ ગાંધીનગર સ્થિત એમએસસી માટે એડમીશન લીધુ હતું. જેમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવીને જૂનાગઢનું, રાજયનું અને દેશનું ગૌરવ વધાર્યુ છે. અભ્યાસમાં પહેલેથી જ ખુબ જ તેજસ્વી રહેલા ફાતેમા લાસારીને મળેલી આ સફળતા સબબ તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### ટેનીસ રમતમાં આગળ વધવાની તક

# અમદાવાદ ખાતેની અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટીમાં વિદેશી કોચ દ્વારા પસંદગી કેમ્પ : વિનામૂલ્યે તાલીમ પણ અપાશે

જૂનાગઢ, તા.૨૬

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સીટી અમદાવાદ ખાતે ટેનીસ રમતનું બિન-નિવાસી કેન્દ્ર શરૂ કરવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું આવશે. જે અનુસંધાને શુકન-૬ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ ખાતે કાર્યરત અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી ખાતે ૧૦ થી ૧૪ વર્ષના ટેનીસ રમતના ખેલાડી ભાઈઓ અને બહેનોની પસંદગી વિદેશી કોચ દ્વારા વિના મુલ્યે તલીમ આપવામા આવશે. તા ૨૫/૧૧/૨૦૨૪ થી તા ૬/૧૨/૨૦૨૪ સુધી સવારે ૧૦ કલાકથી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રસ ધરાવતા તમામ ટેનીસ રમતના ખેલાડીઓએ તા.૨૪/૧૧/૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી, જરૂરી પ્રમાણપત્રો (જન્મનો પુરાવો, ટેનીસ રમતની સ્પર્ધામાં મેળવેલ સિદ્ધિઓના પ્રમાણપત્રો, GSTA Ranking , AITA Ranking, ITF Ranking ના પ્રમાણપત્ર) સાથે હાજર રહેવાનું રહેશે. આ માટે રજીસ્ટ્રેશન અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી – ૯૯૭૮૯૭૧૯૧૯ અને ઈ-મેઈલ આઈડી info@altevol.com સંપર્ક કરવો. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા

# વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીની સાથે કૃષિ શિક્ષણ અને સંશોધનમાં નવીનતાઓને આગળ વધારવા માટે એમઓયુ ઉપર હસ્તાક્ષર




જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ કૃષિ શિક્ષણ અને સંશોધનમાં નવીનતાઓને આગળ વધારવા માટે વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા સાથે તાજેતરમાં એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારીમાં કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી જેવા વિષયોમાં ડ્યુઅલ બૅચલર અને માસ્ટર પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે.

આ એમઓયુ વિશે વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર જ્યોર્જ વિલિયમ્સે જણાવ્યું હતું કે "અમે ભારતમાં કૃષિ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે સહયોગને વિસ્તારવા માટે ખૂબ જ પ્રતિબદ્ધ છીએ, જે શૈક્ષણિક શ્રેષ્ઠતાને આગળ વધારે છે અને કૃષિ પ્રગતિના જટિલ મુદ્દાઓનો સામનો કરવામાં આગામી પેઢીને નિષ્ણાંત બનાવે છે." જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ચોવટીયાએ જણાવ્યું કે, આ ભાગીદારી કૃષિ શિક્ષણ અને સંશોધનમાં નવીનતા અને શ્રેષ્ઠતા લાવતા વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીની અતૂટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે. નવેમ્બર ૧૧, ૨૦૨૪ ના રોજ વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીના પ્રતિનિધિ મંડળની ભારતની મુલાકાત દરમ્યાન નવી દિલ્હી ખાતે આ એમઓયુ પર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી વતી સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન ડો. માદરિયાએ ઉચ્ચ ડિગ્રી માટે અને કુલસચિવ ડો.ઘેલાણી દ્વારા આર્ટિક્યુલેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ તકે ડો. કે.સી. પટેલ, નિયામક (આઈ.ટી.) એ આ એગ્રીમેન્ટના સંકલનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# ઉનામાં માધ્યમિક (૯ થી ૧૨)ની શિક્ષણ સહાયક ભરતીની જગ્યામાં વધારો કરવા મામલતદારને રજૂઆત

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૬

રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૩માં TAT(S) અને TAT (HS)ની વિ-સ્તરીય પરીક્ષા લેવાયેલ હતી. જેમાં કુલ ૩૯,૭૩૦ જેટલા ઉમેદવારો પાસ થયેલ છે. રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત શિક્ષણ સહાયકોની ૧૫૦૦૦ કરતાં વધુ જગ્યાઓ ખાલી છે, તેમજ ૩૧/૧૦/૨૦૨૪ સુધીમાં ઘણા શિક્ષણ સહાયકો નિવૃત્ત થનાર છે. તેની સામે માત્ર ૭૫૦૦ શિક્ષણ સહાયકોની ભરતી કરવાના રાજ્ય સરકારના નિર્ણયથી લાખો ઉમેદવારોને અન્યાય થાય તેમ છે. તો અંદાજીત ૫૭૦૦ જુના શિક્ષકો અને ૧૨૦૦ જેટલા આચાર્યોની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેમની ખાલી પડેલી અંદાજિત ૬૯૦૦ જેટલી જગ્યા ઓને જગ્યાઓને ચાલુ ભરતીમાં સમાવિષ્ટ કરવામાં આવે તો ઘણાં ઉમેદવારોને લાભ મળી શકે એમ છે તો આપ સાહેબશ્રીને રજૂઆત કરીએ છીએ તથા રોસ્ટર પ્રમાણે મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવાથી રાજ્યના શિક્ષણ ઉપર પણ ગંભીર અસરો થઈ શકે છે. તો આપ સાહેબશ્રી આ બાબત ધ્યાને લઈ શિક્ષણ વિભાગને ૭૫૦૦ શિક્ષણ સહાયકની ભરતીમાં વધારો કરવા સુચન કરશો તો અમારા જેવા ઘણાં ઉમેદવારોને ન્યાય મળશેવધુમાં જણાવવાનું કે, ભરતી પ્રક્રિયા ક્રમિક રીતે કરવામાં આવે તેવી અમારી ખાસ નમ્ર વિનંતી છે. જેથી ઉમેદવારો રીપીટ થતાં અટકે અને વધુમાં વધુ ઉમેદવારોને રોજગારીની તક મળી રહે. ઘણાં ઉમેદવાર મિત્રોને વયમર્યાદાનો પ્રશ્ન પણ છે તેમજ પારિવારિક જવાબદારીઓ હોવાથી વારંવાર પરીક્ષાની તૈયારી કરી શકાય તેમ નથી. ભરતી પ્રક્રિયામાં નાહક વિલંબ થઈ રહેલ હોઈ, આથી ભરતી પ્રક્રિયાને આડે આવતી તમામ અડચણો તાત્કાલિક દૂર થાય તેમજ ૭૫૦૦ની જગ્યામાં વધારો કરી ઝડપથી ક્રમિક ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે તેવી અમો ઉમેદવારો આશા રાખીએ છીએ.ઉપરોક્ત બાબતે આપની કક્ષાએથી યોગ્ય પગલાં લઈ અમો ઉમેદવારોની લાગણી અને માંગણીને ન્યાય આપશો તેવું આવેદનપત્ર આપવામાં આવેલ છે.

# જૂનાગઢમાં અનુસૂચિત જનજાતિના બાળકોએ એડવેન્ચર કોર્સની તાલીમ મેળવી : પ્રમાણપત્રો એનાયત કરાયા




જૂનાગઢ, તા.૨૬

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સ તા.૧૮-૧૧-૨૦૨૪ થી તા.૨૪-૧૧-૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો. જેમાં રાજ્યભરમાંથી વિવિધ જિલ્લાના અનુસૂચિત જનજાતિના બાળકો ભાઈઓ અને બહેનોએ પર્વતારોહણની ખડક ચઢાણની તાલીમ મેળવી હતી.

સફળતાપૂર્વક તાલીમ મેળવનાર તમામ તાલીમાર્થીઓને પૂર્ણાહુતી કાર્યક્રમમાં વાલી એ સોરઠ હાઈ સ્કૂલના પ્રિન્સિપાલ હારૂનભાઈ વિહળ, ગીર સોમનાથ જિલ્લાના સામાજિક કાર્યકર હનીફાબેન, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ, માઉન્ટઆબુ ખાતેની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થાના પૂર્વ પ્રિન્સીપાલ કે.પી. રાજપૂત તથા માનદ ઈન્સ્ટ્રક્ટરોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ તાલીમમાં કોર્ષ ઈન્ચાર્જ તરીકે કે.પી. રાજપૂતે સેવા આપી હતી. ઉપરાંત બચુભાઈ મકવાણા, રણજીતસિંહ ઝાલા, હસમુખભાઈ વેગડ, રામભાઈ ચન્દ્રવાડીયા, પાદરીયા, માર્ગી રાવલ અને જેસ્મિ રાઠોડે માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

આ કાર્યક્રમમાં હારૂનભાઈ વિહળે કેમ્પના બાળકોને પ્રોત્સાહન આપતા કહ્યું, પર્વતારોહણ જેવી પ્રવૃતિ કરવાથી સાહસિકતા તથા નેતૃત્વના ગુણોનો વિકાસ થાય છે તથા સાહસિક પ્રવૃતિ કરવાથી માનસિક મનોબળ મજબુત થાય છે. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં હનીફાબેને શિબિરાર્થીઓને ખડક ચઢાણના આવા કોર્ષનું મહત્વ જણાવ્યું હતું.૨ શિબિરાર્થીઓએ કેમ્પના પર્વતારોહણ તાલીમમાં સહભાગી આનંદ વ્યક્ત કર્યો હતો. તથા કુદરતી વાતાવરણમાં રહેવાની તેમજ તેઓ તેમના મિત્રોને પણ આવા કોર્ષ કરવા માટે પ્રેરણા આપશે. તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સાથે શિબિર અંગેની માહિતી માનદ ઈન્સ્ટ્રક્ટર બચુભાઈ મકવાણાએ આપી હતી. આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર રણજીતસિંહ ઝાલા કરી હતી. કાર્યક્રમનું સંચાલન માનદ ઈન્સ્ટ્રક્ટર માર્ગી રાવલે કર્યું હતું.

# ખેતીવાડી ખાતાની કિસાન પરિવહન યોજના તા. ૨/૧૨/૨૦૨૪ સુધી ઓનલાઈન અરજીઓ મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે

જૂનાગઢ, તા.૨૬

કૃષિ ઉત્પાદનના પરિવહન માટે રાજ્યના ખેડૂતો માટે કૃષિ ઉત્પાદન પરિવહન સરળ બનાવવાના હેતુસર માલ વાહક વાહન અને ટ્રેક્ટર ટ્રેલરની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજના કૃષિ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખેતીવાડી ખાતાની કિસાન પરિવહન યોજનામાં માલ વાહક વાહન અને ટ્રેક્ટર ટ્રેલર ઘટકમાં તા. ૨૬/૧૧/૨૦૨૪ સવારે ૧૦:૩૦ કલાકેથી તા.૨/૧૨/૨૦૨૪ સુધી દિન-૭ માટે વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઈન અરજીઓ મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે. જેની સહુ ખેડૂતમિત્રોએ નોંધ લેવા જણાવવામાં આવે છે. વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક અથવા તાલુકા પંચાયત કચેરીએ ખેતીવાડી શાખાનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# અદાણી પોર્ટફોલિઓનું પાછલા બારમાસ અને છ માસિક ગાળાનું પ્રદર્શન

અમદાવાદ, તા.૨૬

પારદર્શિતા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ ભારતના અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમૂહઅદાણી ગ્રૂપે આજે અદાણી પોર્ટફોલિયોના નાણા વર્ષ-૨૫ના પ્રથમ છ માસિક અને પાછલા બાર માસ (TTM)નાપરિણામોઅનેક્રેડિટના સંકલનની આજે જાહેરાત કરી હતી.પરિણામોનું આ સંકલન અદાણી પોર્ટફોલિયોની નાણાકીય કામગીરીની વ્યાપક ઝાંખી પૂરી પાડવા સાથે ક્રેડિટ સંકલન પોર્ટફોલિયોની મજબૂત ક્રેડિટની તાકાતની ઊંડાણપૂર્વકની આંતરદૃષ્ટિ પ્રદાન કરેછે. પ્રથમ છ માસિક ગાળામાં અદાણી એન્ટરપ્રાઈઝના ઉભરતા ઈન્ફ્રા વ્યવસાયો દ્વારા મજબૂત કામગીરીનું નેતૃત્વઅદાણી એન્ટરપ્રાઈઝના પ્રગતિની હરણફાળ ભરતા ઈન્ફ્રા વ્યવસાયો સંપૂર્ણ સંકલિત ગ્રીન હાઈડ્રોજન શ્રેણીનો ભાગ એવા સૌર અને પવન ઉત્પાદન, , એરપોર્ટ અને રસ્તાઓના નિર્માણ દ્વારા કરવામાં આવ્યુંહતું. આ ઈક્યુબેટિંગ વ્યવસાયોમાંથી વાર્ષિક ધોરણે EBITDA આ સમય ગાળામાં ૭૦.૧૪% વધ્યો હતો. પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, પોર્ટફોલિયો કંપનીઓએ રૂા.૭૫,૨૭૭ કરોડનું રોકાણ કર્યું હતું અને કુલ અસ્ક્યામતો વધીને રૂા.૫.૫૩ લાખ કરોડથઈ હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ ઉપર અદાણીના વ્યૂહાત્મક ધ્યાનને આવિસ્તૃત છતાં સ્થિતિસ્થાપક વૃદ્ધિ આભારી છે, જે ઉચ્ચ સ્થિરતા અને ભવિષ્યનો અંદેશો પૂરો પાડે છે. આ પરિણામોની આંકડાકીય વિગતો અનુસાર વાર્ષિક ધોરણે પાછલા-બાર-મહિના (TTM)નો EBITDA ૧૭% ઉંચો રહેવા સાથે રુ. ૮૩,૪૪૦ કરોડ (પૂર્વ સમયગાળાની આવકને સમાયોજિત કર્યા પછી ૩૪.૩% વધુ) રહ્યો છે. નાણા વર્ષ-૨૫ના અર્ધ વાર્ષિક ગાળામાં વાર્ષિક ધોરણે EBITDA ૧.૨% ઉંચો રહેવા સાથે રુ. ૪૪,૨૧૨ કરોડ (અગાઉની આવકને સમાયોજિત કર્યા બાદ ૨૫.૫% વધુ) રહ્યો છે. વધુમાં તાજેતરમાં કાર્યરત કરવામાં આવેલી અસ્કયામતોનું વાર્ષિકીકરણ કર્યા પછી વાર્ષિક ધોરણે ૨૨.૧% ઉંચો રહેવા સાથે રન-રેટ EBITDA અથવા EBITDA હવે રુ.૮૮,૧૯૨ કરોડ થયો છે. અદાણી સમૂહની અદાણી એન્ટરપ્રાઈઝીસ હેઠળનામુખ્યયુટીલિટી, પરિવહન તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસાયો નાણાકીય વર્ષ-૨૫ના છ માસિકમાંકુલ ઈમ્ઢ્ઢછમાં ૮૬.૮% હિસ્સો ધરાવે છે.આ સમાન સમય દરમિયાન અસ્ક્યામ આધારનો વ્યાપ રૂા. ૫.૫૩ લાખ કરોડ વધીને હવે રુ. ૭૫,૨૭૭ કરોડે પહોંચી ગયો છે. આ પરિણામોની આંકડાકીય વિગતો અનુસાર વાર્ષિક ધોરણે પાછલા-બાર-મહિના (TTM)નો EBITDA ૧૭% ઉંચો રહેવા સાથે રુ. ૮૩,૪૪૦ કરોડ (પૂર્વ સમયગાળાની આવકને સમાયોજિત કર્યા પછી ૩૪.૩% વધુ) રહ્યો છે. નાણા વર્ષ-૨૫ના અર્ધ વાર્ષિક ગાળામાં વાર્ષિક ધોરણે EBITDA ૧.૨% ઉંચો રહેવા સાથે રૂા. ૪૪,૨૧૨ કરોડ (અગાઉની આવકને સમાયોજિત કર્યા બાદ ૨૫.૫% વધુ) રહ્યો છે. વધુમાં તાજેતરમાં કાર્યરત કરવામાં આવેલી અસ્કયામતોનું વાર્ષિકીકરણ કર્યા પછી વાર્ષિક ધોરણે ૨૨.૧% ઉંચો રહેવા સાથે રન-રેટ EBITDA અથવા EBITDA હવે રૂા.૮૮,૧૯૨ કરોડ થયો છે. અદાણી સમૂહની અદાણી એન્ટરપ્રાઈઝીસ હેઠળનામુખ્યયુટીલિટી, પરિવહન તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસાયો નાણાકીય વર્ષ-૨૫ના છ માસિકમાંકુલ ઈમ્ઢ્ઢછમાં ૮૬.૮% હિસ્સો ધરાવે છે.આ સમાન સમય દરમ્યાન અસ્ક્યામ આધારનો વ્યાપ રુ. ૫.૫૩ લાખ કરોડ વધીને હવે રુ. ૭૫,૨૭૭ કરોડે પહોંચી ગયો છે. રેટિંગ્સ EBITDA ના ૭૬% એસેટ્સમાંથી હતાજેમાં ભારતનું રેટિંગ 'છછછ-' ઉપર હતું. અદાણી સમૂહની અદાણી પોર્ટસ અને સેઝને ૪ સ્થાનિક રેટિંગ એજન્સીઓ CRISIL, ICRA, CARE, India Ratings તરફથી "AAA" રેટિંગ મળ્યું છેઅને જી માંથી આઉટલુક અપગ્રેડ થયું છે.

# ખંભાળિયામાં નીકળી કોમ્પ્યુટરની નનામી : 'આપ' દ્વારા અનોખો વિરોધ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે છેલ્લા ઘણા સમયથી આધારકાર્ડની કામગીરી બંધ હોવાથી તે ત્વરિત શરૂ કરવા માટે અને વધુ આધાર કેન્દ્ર ફાળવવા બાબતે ગઈકાલે સોમવારે આમ આદમી પાર્ટી દ્વારા રેલી તેમજ વિરોધ વ્યક્ત કરવા અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં "રામ નામ સત્ય હૈ"ના સૂત્રોચાર સાથે કોમ્પ્યુટરની નનામી કાઢવામાં આવી હતીઈ આશરે ૭૦ હજાર જેટલી વસ્તી ધરાવતા ખંભાળિયા તાલુકાના સલાયા ગામમાં આધાર કાર્ડનું એકમાત્ર સેન્ટર હોય, અને તે પણ ઘણા સમયથી બંધ હોવાથી અહીંના લોકોને વ્યાપક હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ઈ-કે.વાય.સી.ને લગતી કામગીરી ખૂબ ધીમી અને ઓછી કીટોથી ચાલતી હોવાથી લોકોને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સાથે સાથે લોકોના કિંમતી સમયનો પણ વ્યય થાય છે. અહીંના અભણ લોકોને તાલુકા મથકે પોતાના બાળકો અને ઘર પરિવારના સભ્યોને લઈને વારંવાર ધક્કા થાય છે. કામ-ધંધામાં વિક્ષેપ તેમજ વ્યાપક હાલાકી ભોગવતા સલાયાવાસીઓને આધાર કાર્ડને લગત કામગીરી માટે આધારકાર્ડ સેન્ટરની કામગીરી તાકીદે સ્થાનિક કક્ષાએ શરૂ કરવામાં આવે તેમજ આ અંગેની વિવિધ માંગ સાથે સોમવારે આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ખંભાળિયામાં સંબંધિત તંત્રને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં સલાયા સાથે ખંભાળિયાના આમ આદમી પાર્ટીના હોદ્દેદારોએ જાહેર માર્ગ પર કોમ્પ્યુટરની નનામી કાઢી અને "રામ નામ સત્ય હૈ" બોલતા બોલતા નવતર રીતે વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ગુજરાત પ્રદેશના મંત્રી કે.જે. ગઢવી સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સત્તાવાળાઓને આવેદનપત્ર આપ્યું હતું.

# ઝિક્સા સ્ટ્રૉંગની હૃદયસ્પર્શી 'રેન્ડમ એક્ટ્સ ઑફ રિલીફ' ઝુંબેશ : અદાણી અમદાવાદ મેરેથોનના પેઈન રિલીફ પાર્ટનર તરીકે ઝિક્સા સ્ટ્રૉંગનો ગુજરાતમાં પ્રવેશ

મુંબઈ, તા.૨૬

ઝિક્સા સ્ટ્રોંગ જેનબર્ક્ટ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ વેલનેસ ડિવિઝનની પેઈન રિલીફ બ્રાન્ડ છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લીસ્ટેડ ૩૯ વર્ષ જૂન મુંબઈમાં હેડ ઓફિસ ધરાવતી, જેનબર્ક્ટ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડના વેલનેસ ડિવિઝને ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. જેનબર્ક્ટની પેઈન રિલીફ બ્રાન્ડ ઝિક્સા સ્ટ્રોંગ અદાણી અમદાવાદ મેરેથોન ૨૦૨૪ની પેઈન રીલીફ એન્ડ રિકવરી પાર્ટનર રહી હતી. ગ્રાઉન્ડ ઉપર આવેલા ઝિક્સા સ્ટ્રોંગના ૩૨૦૦ સ્કે.ફિટ જેટલા વિશાળ સ્ટોલમાં રિકવરી સર્વિસીસ ઓફર કરવામાં આવી હતી, જેનો મહત્તમ લોકોએ લાભ લીધો હતો. સમગ્ર ભારતમાં અગ્રણી ફિઝિયોથેરાપિસ્ટ દ્વારા સમર્થિત, ઝિક્સા સ્ટ્રોંગ એ પ્રથમ અને એકમાત્ર પીડા રાહત શ્રેણી છે જે પીડા રાહત વિજ્ઞાનમાં એક નવો યુગ લાવતી ફ્લેશ માઈસીલ (Flash Micelle) ફાસ્ટ એબ્સોર્પ્શન ટેકનોલોજીનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે. ઝિક્સા સ્ટ્રોંગ પેઈન રિલીફ સ્પ્રે, જેલ, રોલ-ઓન, ઓઈલ અને બામ એમ બહુવિધ ફોર્મેટમાં ઉપલબ્ધ છે અને શક્તિશાળી પ્લાન્ટ એક્ટિવ્સથી ભરપૂર છે. આ વ્યાપક શ્રેણી દરેક પસંદગી અને જરૂરિયાતને અનુરૂપ ચીકાશ રહિત, (નોન-સ્ટીકી) એપ્લિકેશન ઓફર કરતી વધુ અસરકારક રાહત આપે છે. જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ યુ ભુતાએ, જણાવ્યું હતું કે " ઝિક્સા સ્ટ્રોંગ વિજ્ઞાન અને નવીનતા દ્વારા વધુ સારી રીતે પીડા રાહત માટેની અમારી સંસ્થાની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. અમારી ક્રાંતિકારી ફ્લેશ માઈસીલ (Flash Micelle) ટેક્નોલોજી સાથે, અમે પ્રાકૃતિક પીડા રાહતમાં એક પ્રગતિ કરી છે જે પરંપરાગત ઉકેલો કરતાં વધુ ઝડપી અને વધુ અસરકારક રીતે કામ કરે છે. ગુજરાતમાં અમારું મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R & D) સેન્ટર છે. આજે અમે ગુજરાતમાં આ પ્રોડક્ટને લોન્ચ કરવા સાથે આ અદ્યતન પીડા રાહત ઉકેલો ગુજરાતમાં લાવવામાં ગર્વ અનુભવીએ છીએ. પીડા વ્યવસ્થાપન માટેના અમારા નવીન, કુદરતી અભિગમનો પ્રતિસાદ જબરજસ્ત રહ્યો છે, જે દર્શાવે છે કે ગ્રાહકો વધુ સ્માર્ટ, વધુ અસરકારક ઉકેલો માટે તૈયાર છે, તેમ શ્રી ભુતાએ ઉમેર્યુ હતું"

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઝિક્સા સ્ટ્રોંગ બ્રાન્ડની ગુજરાતની સફર અમદાવાદ અને સુરતના ફાર્મસી નેટવર્કમાં ઉપલબ્ધતા સાથે શરૂ થાય છે અને સમગ્ર રાજ્યમાં વિસ્તરણ પામે છે. આ માઈલસ્ટોનને અંકિત કરીને, ઝિક્સા સ્ટ્રોંગે અદાણી અમદાવાદ મેરેથોનમાં તેના અદ્યતન પેઈન રિલિફ અને રિકવરી લાઉન્જનું પ્રદર્શન કર્યું હતું. ઝિક્સા સ્ટ્રોંગે ફિનિશ લાઈનની નજીક એક આધુનિક પેઈન રિલિફ અને રિકવરી લાઉન્જ, વ્યાવસાયિક મસાજ સ્ટેશન, કૂલિંગ થેરાપી પોઈન્ટ્સ ઊભા કર્યા હતા. આ એસોસિએશનમાં ફિઝિયોથેરાપી કોર્નર સાથે ૨૦,૦૦૦ થી વધુ દોડવીરોને સેવા આપી હતી, આ ઉપરાંત KD હોસ્પિટલના સહયોગથી એક ફિઝિયોથેરાપી કોર્નર, ઈન્ટરેક્ટિવ ફોટો લેવાની તકો અને પ્રખ્યાત હેલ્થ અને લાઈફ કોચ સપના વ્યાસ પટેલ સાથે વિશેષ શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. મેરેથોન સુધી આગળ વધીને, ઝિક્સા સ્ટ્રોંગે તેના હૃદયસ્પર્શી "રેન્ડમ એક્ટ્સ ઓફ રિલીફ" ઝુંબેશને અમદાવાદમાં રજૂ કરી હતી, જે શહેરના અથાક રોજિંદા હીરોની ઉજવણી કરે છે. નવીન ઈઝિક્સા ઓન વ્હીલ્સ (#ZIXA On Wheels) ઝુંબેશમાં એક ખાસ બ્રાન્ડેડ કાર છે, જે શહેરની ભાવનાને જીવંત રાખનારાઓ જેમ કે શહેરની સવારને ઉત્તેજન આપતા સ્થાનિક ચા વાળાઓ, અસંખ્ય કલાકો અન્યની સેવામાં વિતાવતા અને શહેરના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખનારા જુસ્સાદાર હેરિટેજ વોક ગાઈડ જેવી મહેનતુ વ્યક્તિઓ સુધી પહોંચે છે, અને ઝિક્સા સ્ટ્રોંગ ગુડી બેગ્સ અને પીડા રાહત નમૂનાઓ દ્વારા પૂરક છે. આ ઝુંબેશથી કાળજી અને કૃતજ્ઞતાની આ અધિકૃત ક્ષણો સમગ્ર સોશિયલ મીડિયા ઉપર એક શક્તિશાળી સ્પંદનો પેદા કરી રહી છે, જે હૃદયને સ્પર્શી રહી છે અને જેની સૌથી વધુ જરૂર છે તેમને રાહત આપવા માટે ઝિક્સા સ્ટ્રોંગની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહી છે. ઝિક્સા સ્ટ્રોંગનું અનોખું સૂત્ર શક્તિશાળી પ્લાન્ટ એક્ટિવ્સ સાથે ઉચ્ચ ગુણવત્તાવાળા ઘટકોને જોડે છે, જે ડિકલોફેનાક-મુક્ત, ત્વચા-મૈત્રીપૂર્ણ અને ચીકાશ રહિત સોલ્યુશન ઓફર કરે છે. દેશભરમાં ૭૫ થી વધુ મેરેથોન્સના વિશ્વસનીય ભાગીદાર તરીકે આ બ્રાન્ડ એમેઝોન (Amazon), ફ્લિપકાર્ટ (Flipkart), ટાટા ૧ એમજી (Tata 1mg), www.zixa.co અને મહારાષ્ટ્ર તેમજ કર્ણાટકમાં ફાર્મસીઓમાં ઉપલબ્ધ છે. જે હવે ગુજરાતના ફાર્મસી નેટવર્કમાં પણ વિસ્તરી રહી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

## મુખ્યમંત્રીઓ માટે માત્ર પોતનાં રાજ્ય સિવાય દેશનું કોઈ અસ્તિત્વ નથી રહ્યું?

સ્ત્રીઓ સંદર્ભે આપણી સામંતી માનસિકતા, સામંતી યુગ પૂરો થવા છતાં બદલાઈ નથી. આજકાલ તો સ્ત્રીઓ વિષે અશ્લીલ વાતો કે હરકતો કરવાનું અમુક વર્ગમાં સામાન્ય છે. જાહેરમાં થતાં સ્ત્રીઓ વિષેનાં અભદ્ર ઉચ્ચારણો પર કાનૂની કાર્યવાહી થવી જોઈએ. દુખદ તો એ છે કે આવી અભદ્ર ટિપ્પણી કરનાર નેતાઓ સામે સ્ત્રીઓ ને વિપક્ષો બળાપો ઠાલવતાં હોય છે, પણ જે તે પક્ષ એવા નેતા સામે કોઈ પગલાં લેતો નથી ને ક્યારેક તો એને છાવરે છે. એનો અર્થ જ એ કે સ્ત્રી કરતાં સત્તા સર્વોપરી છે. કમનસીબી એ છે કે આ રાજકારણ પૂરતું સીમિત નથી, પણ તમામ સત્તા સ્થાનો એનાથી પ્રભાવિત છે. રાજકારણીઓની માનસિકતા સામે મહિલાઓએ મોરચો માંડી સખત વિરોધ નોંધાવવો જોઈએ. સાધારણ રીતે ઘણા રાજકારણીઓને મહિલાઓ રાજકીય ક્ષેત્રે આગળ વધે એ ગમતું હોતું નથી. રાજકીય પક્ષો સત્તા હોય તો ટકાવવા અને ન હોય તો મેળવવા જીવ પર આવી જતા હોય છે. એમાં કોઈ સેવા કરે છે એવું તો સપનુંય પડતું નથી. ચૂંટણી જીતવી અને જીત્યા પછી સત્તા સુધી પહોંચવું એ એક માત્ર લક્ષ્ય પક્ષોનું હોય છે. સમય જતા હવે સ્ત્રીઓ સત્તા પર આવે છે કે ટિકિટ મેળવીને ચૂંટણી પણ લડે છે. પુરુષોની જેમ જ સ્ત્રીઓ પણ હવે રાજકીય લાભ જોઈને પક્ષ બદલે છે. સ્પર્ધાનું ધોરણ એવું થયું છે કે સ્ત્રીઓ હવે પુરુષની બરાબરી કરે છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન.ચંદ્રબાબુ નાયડુએ તાજેતરમાં જ એમ કહ્યું કે આંધ્રમાં વૃદ્ધોની વસ્તી વધી રહી છે તો લોકોએ બે કે તેથી વધુ બાળકો પેદાં કરવાં જોઈએ, જેથી તેમની સંભાળ રાખી શકાય. એમણે એ પણ ઉમેર્યું કે બે કે વધુ બાળકો ધરાવનાર જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડી શકે એવો કાયદો રાજ્ય સરકાર લાવવા જઈ રહી છે. નાયડુએ એની પાછળનો તર્ક એવો આપ્યો કે ઘણાં ગામડાઓમાં વૃદ્ધો જ રહી ગયા છે અને યુવાનો ક્યાં તો વિદેશ ચાલી ગયા છે અથવા તો અન્ય રાજ્યોમાં સ્થાયી થયા છે, એથી યુવાનોની વસ્તી ઘટી રહી છે. બાળકો ઓછાં હોવાને કારણે એમ થયું છે. બાળકો વધશે તો વસ્તી સંતુલિત થશે. એક સમય હતો જ્યારે આ જ નાયડુ વસ્તી નિયંત્રણની વાત કરતા હતા ને હવે વસ્તી વધારવાની હિમાયત કરે છે. એક સમૂહ લગ્નના એક કાર્યક્રમમાં તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને લોકોને અપીલ કરી છે કે પરિણીત યુગલો ૧૬ બાળકો પેદા કરે. મુખ્યમંત્રીએ ૩૧ યુગલોનાં લગ્નમાં ઉપસ્થિત રહેતા કહ્યું કે પહેલાં વડીલો નવવિવાહિતોને ૧૬ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાઓ- એવો આશીર્વાદ આપતા હતા, તેને બદલે હવે ૧૬-૧૬ બાળકો પેદા કરવાની જરૂર છે. ઉત્તર ભારતનાં રાજ્યો કરતાં દક્ષિણ ભારતનાં રાજ્યોનો પ્રજનન દર ઘટતો ગયો છે. સ્ટાલિને બેઠકોની સંખ્યાનો ઉલ્લેખ કરીને ઈરાદો એ પ્રગટ કર્યો કે ૧૦ લાખની વસ્તીએ ૧ સાંસદની જોગવાઈ છે. એના માટે સીમાંકન દ્વારા સીટોની સંખ્યા વધી શકે.

૧૯૭૧ પછી વસ્તી નિયંત્રણ માટે કેન્દ્ર સરકારે પગલાં લેવાનું શરૂ કર્યું. દક્ષિણનાં રાજ્યો એ અંગે સભાન થયાં ને એમણે વસ્તી નિયંત્રણમાં સફળતા પણ મેળવી. એની સામે ઉત્તર ભારત વસ્તી નિયંત્રણ મામલે પાછળ રહ્યું ને એની વસ્તી વધતી જ રહી. એને લીધે ઉત્તર ભારતની લોકસભાની સીટો વધી ને દક્ષિણ ભારતમાં ઓછી જ રહી. ઉત્તર ભારતનાં રાજ્યોની સીટ ૨૫૫ છે અને દક્ષિણમાં ૧૩૦ જ છે.

### સૌરાષ્ટ્રના ખેડૂતોનું ટેન્શન વધ્યું

# રવિ પાકના વાવેતર સમયે ખાતરની અછતની ઉઠી ફરિયાદ

## સરકાર દ્વારા ખેડૂતોને રવિ પાકની સિઝન માટે તાત્કાલિક ડીએપી ખાતર ખેડૂતોને આપે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે

અમદાવાદ,તા.૨૬

સમગ્ર ગુજરાતમાં હાલ ખેડૂતો રવિ પાકનું વાવેતર કરી રહ્યા છે ત્યારે ડીએપી ખાતરની અછતનો સામનો ખેડૂતો કરી રહ્યાં છે. રવિ પાકની સીઝનમાં ખાસ કરીને ઘઉં ચણા ડુંગળી સહિતની જણસોનું વાવેતર કરતા હોય છે. આ વાવેતર માટે ડીએપી ખાતરનો ખેડૂતો ઉપયોગ કરતા હોય છે. ત્યારે ખાતરના ડેપોમાં ડીએપી ખાતરની અછત હોવાનું ખેડૂતો કરી રહ્યા છે. સરકાર દ્વારા ખેડૂતોને રવિ પાકની સિઝન માટે તાત્કાલિક ડીએપી ખાતર ખેડૂતોને આપે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે. હાલ રવિ પાકની સીઝન હોવાથી ખેડૂતોને ડીએપી ખાતરની તાતી જરૂર પડી છે. ડીએપી ખાતરના ઉપયોગથી વાવેતરમાં વધારો થાય છે અને ફાલ પણ સારો આવે છે. ડીએપી ખાતરના વાકે ખેડૂતો રવિ પાકની સીઝનનું વાવેતર નથી કરી શક્તા તેવું કહી રહ્યાં છે. રવિ પાક માટે ખેડૂતો ડીએપી ખાતરનો ઉપયોગ કરતા હોય છે ડીએપી ખાતરથી પાકમાં ઉતારો સારો આવે છે અને ફાલ પણ સારો આવે છે. ત્યારે હાલના સમયમાં ખેડૂતોને ડીએપી ખાતરની ખૂબ જ જરૂર છે. ખેડૂતો ખાતરના ડેપોમાં ડીએપી ખાતર લેવા જાય છે. પરંતુ હજુ સુધી ડીએપી ખાતર ખેડૂતને મળી રહ્યું નથી આથી ખેડૂતો સરકારને અપીલ કરી રહ્યા છે કે તાત્કાલિક ડીએપી ખાતર ખેડૂતોને આપવામાં આવે તો તેઓ રવિ પાક લઈ શકે. આ વખતે ચોમાસામાં ભારે વરસાદે ખેતીને વ્યાપક નુકશાન થયું હતું. સાથે જ વિવિધ પાકો ધોવાઈ જતાં ખેડૂતોને આર્થિક રીતે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. સાથે ગુજરાતમાં જગતના તાતની મુશ્કેલીઓનો જાણે પાર નથી, તેમ એક બાજુ, આર્થિક રીતે તબાહ ખેડૂતો નાણાંભીડનો અનુભવ કરી રહ્યાં છે. ત્યારે બીજી બાજુ, રવિપાકની વાવણી સમયે જેતપુરના સહકારી ખરીદ વેચાણ સંઘમાં DAP અને NPK ખાતરની અછત વર્તાઇ રહી છે. જેના કારણોસર ખેડૂતો ખાતર માટે ફાંફા મારી રહ્યાં છે. જેતપુર ખરીદ વેચાણ સંઘના મેનેજર સાથે વાત કરતા જણાવ્યું હતું કે ખાતરની આવક ધીમે ધીમે શરૂ થઈ રહી છે. સાથે ટુક સમયમાં જેમ જેમ ખાતરની જરૂરિયાત હશે, તેમ પાયાના ખાતર ધીમે ધીમે મળતા રહેશે. સાથે જ સપ્લાય ધીમે ધીમે શરૂ થઈ જશે તેવા અમારા તરફથી પણ પ્રયાસ શરૂ છે.

આણંદ જિલ્લામાં પણ ખાતરની અછતઃઆણંદ જિલ્લાના સામરખા, ભાલેજ, રાસ બોરસદ. તેમજ તારાપુર અને ખંભાત પંથકના વિવિઘ ગામોમાં ખેડૂતોને ખાતર મળતું નથી જેના કારણે ખેડૂતોના પાકને નુક્સાન થઈ રહ્યુ જેથી ખેડૂતોમાં આક્રોષ જોવાં મળી રહ્યો છે. ગ્રામ્ય અને તાલુકા મથકોમાં ખાતરના ડેપો ની બહાર ખાતર નથીના બોર્ડ લાગ્યા છે અને ખેડુતો ખાતર લેવા માટે ખાતરના ડેપો પર ધક્કા ખાઈ રહ્યા છે. પણ ખાતર નહી હોવાના કારણે ખેડૂતોને ધરમ ધક્કા પડી રહ્યા છે. એક તરફ ખેડુતો ખાતર નહીં મળતું હોવાની બૂમો પાડી રહ્યા છે.બીજી તરફ ખેતીવાડી અધિકારીઓ ખાતરનો જથ્થો પૂરતો હોવાના દાવાઓ કરી રહ્યા છે.

ગીરમાં પણ ખાતર ખૂટ્યું : આમતો ચોમાસા બાદ ગીર સોમનાથ જિલ્લામાં ખાતર ની ખેંચતાણ જોવા મળી રહી હતી પરંતુ છેલ્લા એકાદ મહિનાથી કોડીનાર સહિત સમગ્ર જિલ્લામાં DAP ખાતર ની અછત સર્જાતા ખેડૂતો ઠેર ઠેર ભટકી રહ્યા હતા, અને આજે મહિના બાદ કોડીનાર ખાતર ડેપો માં હ્રછઁ ખાતર ની ગાડી આવતા ખેડૂતો એ રીતસર ની પડાપડી કરી હતી, અને વહેલી સવારે ૫ વાગ્યાથી મહિલાઓ સહિત ખેડૂતો ની કતાર લાગી હતી. જોકે વહેલી સવારે આવવા છતાં અને છેલ્લા કેટલાક દિવસોથી ધક્કા ખાવા છતાં ખેડૂતો ને ખાતર ન મળતા ખેડૂતોમાં કકળાટ જોવા મળ્યો હતો.

ભાવનગરમાં ખાતર નથીઃહાલ શિયાળો જામી રહ્યો છે અને વાવણીની સિઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે, ખેડૂતોએ વાવણી માટે ખેતરો ખેડી તમામ પ્રકારની તૈયારી કરી લીધી છે, શિયાળામાં ખેડૂતો મોટાભાગે ઘઉં નું વાવેતર કરતા હોય છે, એ સિવાય જુવાર, ચણા, ધાણા, ડુંગળી સહિતના પાકોનું વાવેતર કરતા હોય છે, પરંતુ હાલમાં વાવણી માટેની તમામ તૈયારી કરી ચૂકેલા ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે, કરણ કે વાવણી માટે અતિ ઉપયોગી DAP ખેડૂતો ને નથી મળી રહ્યું, છેલ્લા બે માસથી વિવિધ કંપનીઓ દ્વારા બનાવવામાં આવતા DAP હાલ ઉપલબ્ધ ના હોય વાવણી અટકી પડી છે.

ભારતીય કિસાન સંઘની મળી પ્રદેશ કારોબારી બેઠક મળી હતી. જેમાં અતિ વૃષ્ટિ રાહત પેકેજ અને ખાતરની અછત મુદે કિસાન સંઘે રજૂઆત ચર્ચા કરી હતી. કિસાન સંઘના મહામંત્રી આરકે પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ભારે વરસાદથી અસર ગ્રસ્ત બાકીના ખેડૂતોને રાહત પેકેજનો લાભ આપવામાં આવે. રાહત પેકેજના લાભથી બાકાત રહેલા ખેડૂતો ને સરકાર સહાય કરે તે અંગે રજુઆત કરવામાં આવી. રાજયમાં ખાતરની અછત હોવાની અનેક ફરિયાદો મળે છે. સરકારને ખાતરની અછતના નિવારણ માટે રજુઆત કરાય છે. સરકારે હૈયા ધારણા આપી છે કે થોડા દિવસમાં ખાતરની અછતનો પ્રશ્ન દૂર કરવામાં આવશે.

### CRPFના વાહનમાં તોડફોડ કરાઈ

# વૈષ્ણો દેવી રોપવે પ્રોજેક્ટનો હિંસક વિરોધ, પોલીસ પર પથ્થમારો

## સ્થાનિક લોકો ફરિયાદ છે કે આ પ્રોજેક્ટને કારણે પર્યાવરણ અને તેમની આજીવિકા પર નકારાત્મક અસર પડશે



જમ્મુ, તા.૨૬

જમ્મુ અને કાશ્મીરના કટરા શહેરમાં સ્થિત ત્રિકુટા પર્વતોની ટોચ પર વૈષ્ણો દેવીના પવિત્ર મંદિરના ફૂટપાથ પર પ્રસ્તાવિત રોપવે પ્રોજેક્ટ સામે ચાલી રહેલો વિરોધ હિંસક બન્યો હતો. દેખાવો કરતાં પ્રદર્શનકારો અને સુરક્ષા દળો સાથે અથડામણ થઈ હોવાના અહેવાલો મળ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પ્રદર્શનકારીઓએ દેખાવો દરમિયાન અચાનક સુરક્ષા કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો તેમજ સીઆરપીએફના એક વાહનની પણ તોડફોડ કરી હતી.

વિસ્તારના એસએસપી પરમવીર સિંહે કહ્યું કે 'છેલ્લા ત્રણ દિવસથી શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા હતા, પરંતુ આજે કેટલાક પ્રદર્શનકારીઓએ સુરક્ષા દળો પર પથ્થરમારો કર્યો હતો. અહીં બંદોબસ્તમાં ઉપસ્થિત પોલીસ જવાનો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. અમે સ્થિતિને કાબુમાં લઈ રહ્યા છીએ.'

દુકાનદારો અને કામદારોએ રવિવારે તેમની હડતાળના ત્રીજા દિવસે વિરોધ રેલી કાઢી હતી અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટની ઓફિસ, કટરામાં શાલીમાર પાર્કની બહાર ધરણા કર્યા હતા, શાલીમાર પાર્ક મંદિરની મુલાકાત લેતા તીર્થયાત્રીઓ માટે આધાર શિબિર છે. દુકાનદારો અને અહીં કામ કરતાં મજૂરો અને પાલખીના માલિકો દ્વારા બોલાવવામાં આવેલી ત્રણ દિવસીય હડતાળ શુક્રવારથી શરૂ થઈ હતી.

દુકાનદારો અને મજૂરો અને પાલખી માલિકોની સંયુક્ત સમિતિના સભ્યએ જણાવ્યું હતું કે, "૭૨ કલાકની હડતાળ વધુ ૨૪ કલાક લંબાવવામાં આવી છે. અમે ફરીથી મળીશું અને અમારા ભાવિ પગલાંની જાહેરાત કરીશું.

છેલ્લા ત્રણ દિવસથી શાંતિપૂર્ણ દેખાવો થઈ રહ્યા હોવાથી કટરાના બેઝ કેમ્પમાં તમામ દુકાનો અને વ્યવસાયો ચાલુ રહ્યા હતા, જો કે, વિરોધ રેલી દરમિયાન બાણ ગંગાથી ચરણ પાદુકા સુધીના યાત્રાધામ માર્ગ પરની દુકાનો બંધ રહી હતી. જો કે, ટટ્ટુ અને પાલખી સેવાઓ સ્થગિત થવાથી યાત્રાળુઓ, ખાસ કરીને વૃદ્ધો અને અપંગો માટે યાત્રા મુશ્કેલ બની છે.

સ્થાનિક લોકો ફરિયાદ કરી રહ્યા છે કે આ પ્રોજેક્ટને કારણે પર્યાવરણ અને તેમની આજીવિકા પર નકારાત્મક અસર પડશે. તેઓએ દાવો કર્યો હતો કે રોપવે પ્રોજેક્ટ તેમને બેરોજગાર કરશે. અધિકારીઓ પર કોઈપણ પરામર્શ વિના રોપવે પ્રોજેક્ટના કામકાજ આગળ ધપાવવાનો આરોપ પણ લગાવ્યો હતો.

જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પ્રદર્શનકારીઓને રોજગાર આપવાની ખાતરી આપી છે. તેમણે કહ્યું કે 'વિભાગીય કમિશનરની આગેવાની હેઠળની સમિતિ રોપ-વે પ્રોજેક્ટ અને સ્થાનિક લોકોના પુનર્વસન પર ચર્ચા થઈ રહી છે. સ્થાનિક લોકોની વાસ્તવિક ચિંતાઓને ધ્યાનમાં લેવામાં આવશે, જો કે, વિસ્તારના વિકાસની અવગણના કરવામાં આવશે નહીં.'

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે યાત્રાળુઓ માટે સલામત અને ઝડપી મુસાફરીની સુવિધા માટે રોપવે પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી હતી. પ્રોજેક્ટની વિગતો અનુસાર, તારાકોટ માર્ગથી સાંજી છટ વચ્ચેના ૧૨ કિલોમીટરના ટ્રેક પર રૂ. ૨૫૦ કરોડના ખર્ચે રોપ-વે વિકસાવવામાં આવશે. શ્રાઈન બોર્ડના સીઈઓ અંશુલ ગર્ગના જણાવ્યા અનુસાર, 'રોપ-વે પ્રોજેક્ટ એક ગેમ ચેન્જર હશે, ખાસ કરીને તીર્થયાત્રીઓ માટે કે જેમને મંદિર સુધીની લાંબી મુસાફરી પડકારરૂપ લાગે છે.'

### સિનિયર સિટીઝન માટે સારા સમાચાર

# હવે દર મહિને ૨૫૦૦ રૂપિયાનું પેન્શન આપશે દિલ્હી સરકાર

## અરવિંદ કેજરીવાલે કહ્યું કે, હવે દિલ્હીમાં ૫ લાખ ૩૦ હજારથી વધુ વૃદ્ધોને ૨૫૦૦ રૂપિયા સુધીનું પેન્શન મળશે



નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીના વૃદ્ધો (સિનિયર સિટીઝન) માટે સારા સમાચાર છે. કેજરીવાલ સરકારે વૃદ્ધોને મોટી ભેટ આપી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, હવે દિલ્હીમાં ૫ લાખ ૩૦ હજારથી વધુ વૃદ્ધોને ૨૫૦૦ રૂપિયા સુધીનું પેન્શન મળશે.

અરવિંદ કેજરીવાલે કહ્યું, જ્યારે ૨૦૧૫માં અમારી સરકાર બની હતી, ત્યારે ૩.૩૨ લાખ વૃદ્ધોને પેન્શન મળતું હતું. આમ આદમી પાર્ટીની સરકારમાં અત્યાર સુધી લગભગ ૪.૫૦ લાખ વૃદ્ધોને પેન્શન મળી રહ્યું હતું. હવે તેમાં ૮૦ હજાર લોકોનો વધારો કરાયો છે, હવે દિલ્હીમાં ૫.૩૦ લાખથી વધારે લોકોને પેન્શન મળશે.

કેજરીવાલે કહ્યું કે, ભાજપ અને આમ આદમી પાર્ટીની સરકારમાં તફાવત સ્પષ્ટ છે, ડબલ એન્જિન સરકારવાળા રાજ્યોમાં વૃદ્ધોને માત્ર ૫૦૦થી ૧૦૦૦ રૂપિયા સુધીનું પેન્શન મળી રહ્યું છે, જ્યારે દિલ્હીમાં સિંગલ એન્જિન સરકારમાં વૃદ્ધોને ૨૫૦૦ રૂપિયા સુધીનું પેન્શન મળશે. ભાજપની ડબલ એન્જિન સરકારથી નુકસાન વધારે છે, દિલ્હીની જનતા માટે AAPનું એન્જિન જ યોગ્ય છે.

તેમણે કહ્યું કે, આજે હું ખૂબ જ ખુશ છું કે દિલ્હીના લગભગ ૫.૩ લાખ વૃદ્ધો માટે ફરીથી પેન્શન શરૂ થઈ રહ્યું છે. પોર્ટલ શરૂ થયાના ૨૪ કલાકમાં જ ૧૦ હજારથી વધુ અરજીઓ મળી છે. ભાજપે ષડયંત્ર રચીને વૃદ્ધોનું પેન્શન બંધ કરવાનું પાપ કર્યું હતું. પણ હવે તમારો દીકરો આવી ગયો છે, તે હવે તમારા બધા કામ કરાવશે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, દિલ્હીમાં ૬૦ વર્ષથી ૬૯ વર્ષની વચ્ચેના લોકોને ૨૦૦૦ રૂપિયા પેન્શન મળે છે. આમ આદમી પાર્ટીની સરકાર બની તે પહેલા આ પેન્શન ૧૦૦૦ રૂપિયા હતું. અમારી સરકાર બન્યા બાદ અમે તેમાં ૧૦૦૦નો વધારો કર્યો છે. ૭૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને ૨૫૦૦ રૂપિયા પેન્શન મળે છે. પહેલા આ પેન્શન ૧૫૦૦ રૂપિયા હતું. કેજરીવાલે કહ્યું કે, રાજસ્થાનમાં વૃદ્ધોને ૧૧૫૦ રૂપિયા પેન્શન મળે છે. ઉત્તર પ્રદેશમાં દર મહિને ૧ હજાર રૂપિયા પેન્શન મળે છે. છત્તીસગઢમાં મહિને ૬૫૦ રૂપિયા અને મધ્ય પ્રદેશમાં મહિને ૬૫૦ રૂપિયા પેન્શન મળે છે. મહારાષ્ટ્રમાં ૬૦૦, ગુજરાતમાં ૭૫૦, ઓડિશામાં ૩૦૦, આસામમાં ૫૦૦ અને ગોવામાં ૫૦૦ રૂપિયા મહિને પેન્શન મળે છે.

# મહારાષ્ટ્રમાં સસ્પેન્સ ખતમ, ફડણવીસ બનશે મુખ્યમંત્રી

મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮માંથી ૧૩૨ બેઠક જીતીને ભાજપે બહુ મોટી સફળતા હાંસલ કરી લીધી છે. એવું કહેવાય છે કે, ભાજપે દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી બનાવવા માટે તૈયારી કરી લીધી છે. ફડણવીસને મુખ્યમંત્રી બનાવવા સામે અજિત પવારને પણ વાંધો નથી. સૂત્રોના જણાવ્યાનુસાર, એકનાથ શિંદેએ પણ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દેવાની તૈયારી કરી લીધી છે.

આ દરમિયાન દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવાર પણ દિલ્હી જવા રવાના થઈ ગયા છે. મરાઠા રાજકારણના આ ત્રણેય દિગ્ગજ નેતાઓ રાજધાનીમાં ભાજપ મોવડી મંડળ સાથે બેઠક કરશે. ભાજપને સૌથી વધુ બેઠકો મળ્યા પછી ફડણવીસનું નામ જ મુખ્યમંત્રી તરીકે ચર્ચાતું હતું. એકનાથ શિંદેએ પણ ચૂંટણી પરિણામો પછી નિવેદન કરીને સંકેત આપી દીધો હતો કે, ત્રણેય રાજકીય પક્ષો એક બેઠક યોજીને નક્કી કરશે કે, મહારાષ્ટ્રનું સુકાન કોના હાથમાં સોંપવામાં આવે.

બીજી તરફ, એવા અહેવાલો પણ છે કે શિવસેના (શિંદે જૂથ)એ ભાજપને એક પત્ર લખીને જણાવ્યું છે કે, એકનાથ શિંદેને જ ફરી એકવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનાવવા જોઈએ. આ પત્રમાં શિંદેને મુખ્યમંત્રી બનાવવા માટે વિસ્તૃત કારણો પણ આપવામાં આવ્યા છે. ભાજપને ૧૩૨ બેઠક મળ્યા પછી પણ એકનાથ શિંદે મુખ્યમંત્રી બનવા માંગે છે.

આ દરમિયાન મહારાષ્ટ્રમાં ભાજપની જીત માટે મહત્ત્વની ભૂમિકા ભજવનારા નેતા વિનય સહસ્ત્રબુદ્ધેએ એક નિવેદનમાં કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં જનાદેશનું સન્માન કરાશે. મહારાષ્ટ્રની પ્રજાનો જનાદેશ ભાજપની તરફેણમાં છે. એટલે દેવેન્દ્ર ફડણવીસને નેતૃત્વ સોંપાયું છે. અમે કોઈ જ પક્ષના દબાણમાં નથી. ભાજપ કોઈના દબાણમાં આવે એમ નથી. ભાજપનું મોવડી મંડળ શિવસેના અને એનસીપી (અજિત જૂથ) સાથે મળીને એક મહાયુતિ સરકારની જાહેરાત કરશે.

## ગીતા રબારીના પિતરાઈ ભાઈનું આકસ્મિક નિધન

અંજાર, તા.૨૬

કચ્છની કોયલ તરીકે ઓળખાતી અને ગુજરાતની જાણીતી ગાયિકા પર દુખોનો પહાડ તૂટી પડ્યો છે. કારણ કે, ગીતા રબારીના પિતરાઈ ભાઈ મહેશ રબારીનું આકસ્મિક નિધન થયું છે. ગાયિકાએ અચાનક ૩૯ વર્ષીય ભાઈ ગુમાવતા કાર્યક્રમ ટૂંકાવીને ઘરે દોડ્યા હતા. મહેશ રબારીનું તારીખ ૨૪ નવેમ્બરના રોજ નિધન થયું હતું. પિતરાઈ ભાઈના નિધનની જાણ થતા જ ગીતા રબારી ચાલુ કાર્યક્રમ છોડીને નીકળી ગયા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ કોઈનુંય કદાપિ ખરાબ ન કરવું.

- શેક્સપિયર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૧૧ ઉત્પતિ એકાદશી તા.૨૬ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૨૩, હસ્ત નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૧૩, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (૫ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃષભ:ભાગીદારથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન:નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક: કાર્યબોજ હળવું બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ: પુરૂષાર્થ, પણ વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા: મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહી, પાડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા: વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.
વૃશ્ચિક:વ્યવસાયિક કાર્યો સફળ થાય. માનસિક ચિંતા રહે.
ધન: નાણાંભીડ અનુભવાય. ભાઈ-ભાંડુથી લાભ થાય.
મકર: નવિન આયોજન કરી શકશો.
કુંભ: જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.
મીન: સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ. મન પ્રફુલિત રહે.

# રાજ્યમાં આખરે ફૂલગુલાબી ઠંડીનો પ્રારંભ



અમદાવાદ તા.૨૬

ગુજરાતમાં ઠંડીનો ચમકારો શરૂ થઈ ગયો છે, ઠંડી હવે તેના અસલી રંગમાં આવી ગઈ છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું એલર્ટ આપ્યું છે તો દક્ષિણ ભારતમાં પણ વરસાદનું યલો એલર્ટ છે. રાજ્યમાં અંતે શિયાળાએ અસર દેખાવાની શરૂઆત કરી છે. સવારના અને રાત્રિના સમયે કડકડતી ઠંડીનો અનુભવ થતા લોકોએ ગરમ કપડા પહેરવાની શરૂઆત કરવી પડી છે. રાજ્યના ૧૦ સેન્ટરો પર તાપમાનનો પારો ગગડીને ૧૫ ડિગ્રી નીચે પહોંચ્યો હતો. પાટનગર ગાંધીનગર ૧૧.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. આ વર્ષે રાજ્યમાં ઠંડીનો મોડો પ્રારંભ થયો છે. છેલ્લા બે ત્રણ દિવસથી લોકો ઠંડીનો સામનો કરવા લાગ્યા છે. રાજ્યમાં આજે સવારે વાતાવરણમાં ધુમ્મસ જોવા મળી હતી. તાપમાનની વાત કરીએ તો, ૧૧.૬ ડિગ્રી સાથે ગાંધીનગર શહેર સૌથી ઠંડુ રહ્યું હતું. ત્યારબાદ દાહોદનું ૧૧.૯ ડિગ્રી, નલિયા ૧૨.૨ ડિગ્રી, નર્મદા ૧૨.૭ ડિગ્રી અને ડીસાનું ૧૪.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. આજે સવારે સાડા આઠ વાગ્યે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન અમદાવાદ શહેરમાં ૧૫.૭ ડિગ્રી, બરોડા ૧૪.૪ ડિગ્રી, રાજકોટ ૧૪.૦ ડિગ્રી અને સુરતમાં ૧૯.૦ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં શિયાળાના પ્રારંભ સાથે ઉત્તર-પૂર્વ તરફથી પવન ફૂંકાવાની શરૂઆત થઈ છે. જેના કારણે મોટાભાગના શહેરોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં હવામાન વિભાગના મોટાભાગના સેન્ટર ઉપર મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીથી નીચે જ્યારે લઘુતમ તાપમાન ૨૧ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ઘટતા તાપમાનની સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને ગરમીમાંથી નજીવી રાહત મળી છે. રાજ્યના અનેક શહેરોમાં વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો ચમકારો વર્તાવવા લાગ્યો છે.

# રશિયાને ગેરકાયદેસર રીતે ઉડ્ડયન સામાન સપ્લાય કરવા બદલ અમેરિકામાં ભારતીય નાગરિકની ધરપકડ

(એજન્સી) તા.૨૬

અમેરિકાથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે જ્યાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ભારતીય નાગરિક સંજય કૌશિક ઉપર રશિયામાં અંતિમ વપરાશકર્તાઓ માટે નિયંત્રિત અમેરિકન એવિએશન ઘટકોની નિકાસ કરવાનું કથિત ષડ્યંત્ર રચવાનો આરોપ લગાવ્યો છે. આ કેસમાં ન્યાય વિભાગે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, કૌશિકની ૧૭ ઓક્ટોબરે મિયામીમાં ધરપકડ કરવામાં આવી હતી અને તેની સામે આરોપો ઘડવામાં આવ્યા હતા. માહિતી અનુસાર જો કૌશિક દોષી સાબિત થાય છે તો તેને વધુમાં વધુ ૨૦ વર્ષની જેલ અને દરેક કેસ માટે ૧૦ લાખ અમેરિકી ડૉલર સુધીનો દંડ થઈ શકે છે. જો આપણે કોર્ટના દસ્તાવેજો વિશે વાત કરીએ તો માર્ચ ૨૦૨૩માં જ્યારે રશિયાએ યુક્રેન ઉપર આક્રમણ કર્યું, ત્યારે કૌશિકે રશિયામાં સ્થિત સંસ્થાઓ માટે યુએસ પાસેથી ગેરકાયદેસર રીતે એરોસ્પેસ સામાન અને તક્નિક મેળવવાનું કાવતરૂં ઘડ્યું હતું. નોંધનીય છે કે, ભારતીય નાગરિક કે કૌશિક ઉપર નિકાસ નિયંત્રણ કાયદાનું ઉલ્લંઘન કરીને રશિયામાં અંતિમ વપરાશકર્તાઓ માટે નાગરિક અને લશ્કરી ઉડ્ડયન બંને ઘટકોને ગેરકાયદેસર રીતે નિકાસ કરવાનું ષડ્યંત્ર રચવાનો આરોપ છે. તેના ઉપર ઓરેગોનથી રશિયામાં નેવિગેશન અને ફ્લાઈટ કંટ્રોલ સિસ્ટમની ગેરકાયદેસર રીતે નિકાસ કરવાનો પ્રયાસ કરવાનો અને નિકાસના સંબંધમાં ખોટા નિવેદનો આપવાનો પણ આરોપ છે. અખબારી યાદી અનુસાર આ સામાન રશિયામાં અંતિમ વપરાશકર્તાઓને મોકલવાને બદલે કૌશિક અને તેની ભારતીય કંપનીને સપ્લાય કરવાનો ખોટો દાવો કરવામાં આવ્યો હતો. એક કેસમાં ફેડરલ પ્રોસિક્યુટર્સે જણાવ્યું હતું કે, કૌશિક અને તેના સહ-ષડ્યંત્રકારોએ ઓરેગોન સ્થિત સપ્લાયર પાસેથી એટીટ્યુડ હેડિંગ રેફરન્સ સિસ્ટમ (AHRS) ખરીદી હતી. AHRS એ એક સાધન છે જે એરક્રાફ્ટ નેવિગેશન અને ફ્લાઈટ કંટ્રોલ ડેટા પ્રદાન કરે છે.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં 'આઘાતજનક' પરાજયનો સામૂહિક રીતે આત્મનિરીક્ષણ કરીશું : કોંગ્રેસ

નવી દિલ્હી તા.૨૬

મહારાષ્ટ્ર ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનને ભારે બહુમતી મળી છે. મહાયુતિ સત્તામાં આવ્યા બાદ ફરી એકવાર કોંગ્રેસમાં ગમગીની છવાઈ ગઈ છે. તેમણે કહ્યું કે પાર્ટી અને મહા વિકાસ અઘાડીના અન્ય સહયોગી હારના કારણો અંગે સામૂહિક રીતે આત્મમંથન કરશે. ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધને શનિવારે મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૦ બેઠકો જીતી હતી અને કોંગ્રેસના નેતૃત્વવાળી મહા વિકાસ આઘાડીને માત્ર ૪૬ બેઠકો મળી હતી. આ અંગે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો ચોંકાવનારા અને અવિશ્વસનીય છે. તેમણે એક ટીવી ચેનલને કહ્યું, 'શું થયું તે અમે સમજી શકતા નથી. આ માત્ર કોંગ્રેસ પાર્ટીની હાર નહોતી, પરંતુ સમગ્ર મહા વિકાસ આઘાડીની હાર હતી. પ્રથમ આપણે સ્પષ્ટપણે સમજવું જોઈએ કે શું થયું છે. મહારાષ્ટ્ર અને હરિયાણાની હાર બાદ અમે સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં આશ્ચર્ય અનુભવી રહ્યા છીએ. મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોમાં મોટી જૂની પાર્ટીને કોઈ ખરાબ રમતની શંકા છે કે કેમ તે પૂછવામાં આવતા, તેમણે કહ્યું કે તેઓ હાર પછી આટલા જલ્દી આવા આક્ષેપો કરી રહ્યા નથી. તેમણે કહ્યું, 'શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસના ગઢમાં અમને મોટો ફટકો પડ્યો છે. આ માત્ર કોંગ્રેસ પાર્ટીની જ નહીં પરંતુ સમગ્ર ગઠબંધનની નિષ્ફળતા છે. તેથી, અમે સાથે બેસીને સામૂહિક રીતે આના કારણોનું આત્મનિરીક્ષણ કરીશું. ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે ભાજપે ૧૩૨ બેઠકો જીતી છે, શિવસેનાએ ૫૭ બેઠકો જીતી છે, જ્યારે અજિત પવારની આગેવાની હેઠળની NCPને ૪૧ બેઠકો મળી છે. જ્યારે MVAમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના ઉમેદવારોએ ૧૦ બેઠકો જીતી, કોંગ્રેસે ૧૬ બેઠકો જીતી, જ્યારે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ૨૦ બેઠકો જીતી. જ્યારે પ્રિયંકા ગાંધી વાડ્રાની વાયનાડમાં જંગી જીત વિશે પૂછવામાં આવ્યું ત્યારે કોંગ્રેસના મહાસચિવે કહ્યું કે આ પાર્ટીના નેતાઓ અને કાર્યકરોના પ્રયાસોનું પરિણામ છે. તેમણે કહ્યું, 'પાર્ટીને વાયનાડમાઆટલી મોટી બહુમતની અપેક્ષા હતી. મતદાન બાદ તરત જ બહુમતી અંગે ભારે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી હતી. પરંતુ પાર્ટીના આંતરિક મૂલ્યાંકન પછી અમને વિશ્વાસ હતો કે ઓછા મતદાનની ટકાવારી પ્રિયંકાની બહુમતીને અસર કરશે નહીં. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વાયનાડ દુર્ઘટના અને તેના પછીના મુદ્દાઓ પૈકી એક હશે જે પ્રિયંકા લોકસભામાં ઉઠાવશે. વાયનાડનીમુલાકાત ન લેવાના વિપક્ષના વારંવારના અભિયાનને નકારી કાઢતા, વેણુગોપાલે કહ્યું કે તેણી તેમના કાર્યોથી તેમને ખોટા સાબિત કરશે. તેમણે એમ પણ કહ્યું કે વાયનાડના સાંસદ હોવાની સાથે પ્રિયંકા ઉત્તર ભારતના રાજકારણમાં પણ તેમનો હસ્તક્ષેપ ચાલુ રાખશે.

# બીજેપી બિહાર વિધાનસભા ચૂંટણીમાં કેન્દ્ર સરકારની યોજનાઓ મતદારો સુધી પહોંચ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે

## ભાજપની રાજ્ય કોર કમિટીના મુખ્ય સભ્યોએ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહના નિવાસસ્થાને બેઠક યોજી હતી, જેની અધ્યક્ષતા બિહાર ભાજપના પ્રભારી વિનોદ તાવડેએ કરી હતી

નવી દિલ્હી, તા.૨૬


રાજ્યમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટેની વ્યૂહરચના અંગે ચર્ચા કરવા અહીં મળેલી બીજેપીના બિહાર એકમે, પ્રચાર દરમ્યાન કેન્દ્રની વિકાસ યોજનાઓ અને કલ્યાણકારી યોજનાઓને પ્રકાશિત કરવા ઉપરાંત ગ્રાસરૂટ આઉટરીચ ડ્રાઈવ શરૂ કરવાનો નિર્ણય લીધો હોવાનું પાર્ટીના નેતાઓએ બેઠક બાદ જણાવ્યું હતું. ભાજપની રાજ્ય કોર કમિટીના મુખ્ય સભ્યોએ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહના નિવાસસ્થાને બેઠક યોજી હતી, જેની અધ્યક્ષતા બિહાર ભાજપના પ્રભારી વિનોદ તાવડેએ કરી હતી. ભાજપના નેતાઓએ કથિત રીતે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શનની સમીક્ષા કરી હતી અને એવા મતવિસ્તારોની ઓળખ કરી હતી જ્યાં ઉમેદવારો નજીવી સરસાઈથી હારી ગયા હતા. બેઠકમાં હાજરી આપનાર ભાજપના નેતાએ જણાવ્યું હતું કે, "અમે અમારી સ્થિતિ મજબૂત કરવા માટે નબળી વિધાનસભા બેઠકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું. આ વખતે આ મતવિસ્તારોમાં અમારો વિજય સુનિશ્ચિત કરવા માટે વધારાના પ્રયાસો કરવામાં આવશે." એનડીએના ભાગરૂપે, બિહારમાં સીએમ નીતિશ કુમારના નેતૃત્વમાં ભાજપ સત્તામાં છે. જો કે, પાર્ટી કેન્દ્રની વિકાસ પહેલ અને ગઠબંધન સરકારની કામગીરી ઉપર આધાર રાખીને ૨૦૨૫ની ચૂંટણીમાં સૌથી મોટી એન્ટિટી તરીકે ઉભરી આવવાની વ્યૂહરચના બનાવી રહી છે. બેઠક દરમ્યાન ચર્ચા કરાયેલા મુખ્ય મુદ્દાઓમાં સમાન નાગરિક સંહિતા, ઓબીસી કલ્યાણ અને વકફ બોર્ડનો સમાવેશ થાય છે. પાર્ટીના નેતાઓએ ચૂંટણીની જાહેરાત પહેલા આ મુદ્દાઓ ઉપર ધ્યાન આપવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. બીજેપીના અન્ય એક નેતાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "પાર્ટી પ્રમુખની ચૂંટણીની તૈયારી અને સદસ્યતા અભિયાન સહિત સંગઠનાત્મક મુદ્દાઓ પણ બેઠકમાં ધ્યાનમાં લેવામાં આવ્યા હતા." જો કે તાવડેએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ચર્ચા સંગઠનાત્મક મુદ્દાઓ, શાસન અને શરૂ થનારા કાર્યક્રમો ઉપર કેન્દ્રિત હતી. પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ દિલીપ જયસ્વાલ અને ડેપ્યુટી સીએમ વિજય સિંહા અને સમ્રાટ ચૌધરી બેઠકમાં હાજર રહ્યા હતા.

સિંગલ ફોકસ : રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ભાગરૂપે ભાજપ બિહારમાં મુખ્ય પ્રધાન અને JD(U)ના સુપ્રીમો નીતીશ કુમારની આગેવાની હેઠળ સત્તામાં છે. જો કે, ભગવા પક્ષ કેન્દ્રની વિકાસ પહેલ અને ગઠબંધન સરકારની કામગીરી ઉપર આધાર રાખીને ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં એકમાત્ર સૌથી મોટી એન્ટિટી તરીકે ઉભરી આવવાની વ્યૂહરચના બનાવી રહી છે.

## સરકારની ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી જાહેરાત

# રાજ્યમાં યોજનાઓના અસરકારક અમલ માટે A.I.નો ઉપયોગ કરવા ટાસ્ક ફોર્સની રચના કરાશે

## પ્રશાસને એવું પ્રભાવશાળી રીતે કામ કરવાનું છે કે ખોટું કરનારના મનમાં ડર રહે : C.M.



ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનું સમાપન કરાવતા રાજ્યમાં ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ તથા પારદર્શિતા લાવવા તથા સેચ્યુરેશન એપ્રોચ સાકાર કરવા AI ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી હતી. આ તકે મુખ્યમંત્રીના હસ્તે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેકટરો, વિકાસ અધિકારીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, કુપોષણ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી તથા જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં AIનો ઉપયોગ સઘન બનાવવો છે. આ હેતુસર ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સ રચવામાં આવશે અને તેની ભલામણનો અહેવાલ એક મહિનામાં ટાસ્કફોર્સ આપે તેના આધાર ઉપર AI અને ડેટા એનાલિસિસથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની રાજ્ય સરકારની નેમ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ચિંતન શિબિરની સફળતાને પગલે અનેક એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ આવ્યા છે. જેના પગલે ગુજરાત દેશનું મોડેલ સ્ટેટ તથા ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહીં. આ શિબિરો ટેક્નોલોજી ડ્રીવન ગવર્નન્સ માટે એક ટેક ઓફ પ્લેટફોર્મ બની છે. વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. સરકારી તંત્રએ એવી અસરકારક ભૂમિકા નિભાવવી જોઈએ કે, ખોટું કરનારાના મનમાં તંત્રની બીક રહે. એમ જણાવતા તેમણે જણાવ્યું કે, બોનાફાઈડ ઈન્ટેન્શનથી થયેલી ભૂલો ચલાવી શકાય પરંતુ માલાફાઈડ ઈન્ટેન્શનને કોઈ કાળે ચલાવી લેવાશે નહીં. મુખ્યમંત્રીએ કર્મયોગના છ સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને કર્મચારીમાંથી કર્મયોગી બનીને કામ કરવાની પ્રેરણા આપતા કહ્યું કે, આ સિદ્ધાંતો એકબીજા સાથે પરસ્પર એવા જોડાયેલા છે કે, કોઈ એક સિદ્ધાંતને જો વ્યક્તિગત જીવનમાં ઉતારીએ તો તેની અસર સમગ્રતયાં વ્યક્તિત્વ અને વકતૃત્વ ઉપર પ્રભાવશાળી રીતે પડે જ કોઈપણ પ્રકારની નકારાત્મકતા સામે સકારાત્મક અભિગમ અપનાવવાની પ્રેરણા આપતા તેમણે કહ્યું કે, સરકાર ખૂબ મહત્ત્વપૂર્ણ ઉપયોગી પ્રજાલક્ષી કામગીરી કરતી જ હોય છે ત્યારે તેની જાણકારી લોકોને સમયસર મળતી રહે અને સોશિયલ મીડિયાના સમયમાં કોઈપણ માહિતી ઝડપથી ફેલાય છે ત્યારે, ખોટી વાતોની સામે સકારાત્મક અને સાચી વાતો લોકો સુધી ત્વરાથી પહોંચે તેવું દાયિત્વ આપણે નિભાવવાનું છે. સમાજમાં અનેક પ્રકારની ઘટનાઓ બનતી હોય છે ત્યારે, કોઈપણ ઘટના બની ગયા પછી તેને તાત્કાલિક સુધારવા અને ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ના થાય એ માટેનો અભિગમ કેળવીને કામ કરવાની પ્રેરણા તેમણે આપી હતી. તેમણે જણાવ્યું કે, દરેક જિલ્લા કલેક્ટરો, વિકાસ અધિકારીઓ પોતાના જિલ્લામાં આ ભલામણોમાંથી ત્રણ પ્રોજેક્ટ નક્કી કરીને તેના ઉપર ઝડપથી કાર્યવાહી કરે અને સમયાંતરે તેની પ્રગતિની સમિક્ષા પણ કરતા રહે. વિકાસલક્ષી કોઈપણ કામગીરીમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને જ આગળ વધવાનો તેમણે મુખ્યમંત્રીએ ખાસ આગ્રહ રાખ્યો હતો. ગ્રામ્ય સ્તરથી લઈને રાજ્ય સરકાર સુધીની કડીમાં જિલ્લા વહીવટી તંત્રની ભૂમિકા ચાવીરૂપ છે ત્યારે, ગ્રામ્ય સ્તર અને સરકાર વચ્ચે કોઈપણ પ્રકારનો ગેપના રહી જાય તે જોવા પણ મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટી તંત્ર વાહકોને સૂચન કર્યું હતું.

# ગ્રાન્ટેડ સ્કૂલોને ફાયર સેફ્ટી માટે ગ્રાન્ટની ફાળવણી કરવા સંચાલક મંડળની માંગણી

અમદાવાદ, તા.૨૬

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલો ફાયર સેફ્ટીના સાધનો માટે રૂા.૫ લાખ જેટલો માતબર ખર્ચ કરી શકે તેમ ન હોવાનું જણાવી સંચાલક મંડળ દ્વારા ફરી સરકાર સમક્ષ ગ્રાન્ટેડ સ્કૂલોમાં ફાયર સેફ્ટીની સુવિધા માટે ગ્રાન્ટની ફાળવણી કરવા માંગણી કરી છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ સહિતની અનેક મદદ કરવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખીને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ફાયર સેફ્ટી માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવે તે માટે ફરી વાર સંચાલક મંડળ દ્વારા સરકારમાં રજૂઆત કરવાની તૈયારી કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હાલમાં ભરૂચ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ભરૂચ જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓને ફાયર સેફ્ટી બાબતે નોટિસો આપવામાં આવી રહી છે. ઘણા સમયથી આ પ્રશ્ન બાબતે વારંવાર સમગ્ર ગુજરાતના સંચાલક મંડળો દ્વારા રજૂઆત કરવામાં આવે છે. ગ્રાન્ટેડ મંડળો પાસે કોઈપણ પ્રકારની આવક ન હોવાના લીધે તેઓ ફાયર સેફ્ટીના સાધનો લગાવી શકતા નથી. ઉપરાંત ગ્રાન્ટેડ સ્કૂલોને કોઈ પણ પ્રકારનું દાન પણ મળતુ ન હોવાથી તેમાંથી પણ ફાયર સેફ્ટીના સાધનો લગાવવા મુશ્કેલ હોવાનું સંચાલક મંડળનું કહેવું છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં વિવિધ સહાય કરવામાં આવે છે, જેમાં શિક્ષકોનો પગાર, શાળાને નિભાવ ગ્રાન્ટ, કોમ્પ્યુટર ગ્રાન્ટ, સ્માર્ટ બોર્ડ, બાળકોને શિષ્યવૃત્તિ, બાળકોને અપડાઉન કરવા સાયકલની સુવિધા અને પરિવહનની વ્યવસ્થા કરવામાં આવે છે તે રીતે સરકાર પોતાની એજન્સી દ્વારા અથવા સ્પેશિયલ ગ્રાન્ટ ફાળવે તો જ ગ્રાન્ટેજ શાળાઓ ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરી શકે તેમ છે. અન્યથા, શાળા અને જિલ્લા શિક્ષણ અધિકારી વચ્ચે વિવાદનું વાતાવરણ ઉભું થશે તેવો મત સંચાલક મંડળ દ્વારા વ્યકત કરાયો છે.

# અદાણી વિરૂધ્ધ અમેરિકી લાંચનો મામલો સુપ્રીમ કોર્ટમાં : SEBI સકંજામા



નવી દિલ્હી, તા.૨૬

અમેરિકી સત્તાવાળાઓ દ્વારા અબજોપતિ ગૌતમ અદાણી અને તેના સાત સહયોગીઓ સામે લાંચ અને છેતરપિંડીના આરોપોને રેકોર્ડ ઉપર લેવા વિનંતી કરતી સુપ્રીમ કોર્ટ સમક્ષ નવી અરજી દાખલ કરવામાં આવી હતી. આ પિટિશનમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ની હિન્ડનબર્ગ રિસર્ચના અદાણી ગ્રુપ સામેના આરોપોની તપાસમાં ખામીઓનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને બજાર નિયમનકારની વિશ્વસનીયતા ઉપર ચિંતાઓ દર્શાવવામાં આવી છે. અરજીમાં કહ્યું છે કે, માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજના તેના આદેશમાં આપવામાં આવેલી સમયમર્યાદા છતાં SEBIએ હજુ સુધી તપાસનો કોઈ અહેવાલ અથવા નિષ્કર્ષ દાખલ કર્યો નથી. વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે તપાસ અહેવાલ રેકોર્ડ ઉપર લાવવામાં આવતો નથી ત્યારે તે નિયમનકારી સત્તા SEBIમાં વિશ્વાસ ઘટાડે છે. અદાણી ગ્રુપની પેટાકંપની અદાણી ગ્રીન એનર્જી કથિત લાંચ યોજનાની તપાસ જાહેર કરવામાં નિષ્ફળ રહી હોવાના યુ.એસ.ના આક્ષેપોની તાજેતરમાં SEBIએ તપાસ શરૂ કરી હતી. ઔપચારિક તપાસ અંગે નિર્ણય લેતા પહેલા માર્કેટ વોચડોગ કથિત રીતે ભારતીય સ્ટોક એક્સચેન્જના વિગતવાર અહેવાલોની રાહ જોઈ રહ્યું છે. અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત તેમના વિશાળ પોર્ટ-ટુ-પાવર સમૂહના સાત અધિકારીઓને આ અઠવાડિયેન્યૂયોર્કની કોર્ટમાં ૨૬ કરોડ ૫૦ લાખ ડૉલરની લાંચ યોજનામાં સામેલ થવાના આરોપસર દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ ફરિયાદીઓનો આરોપ છે કે, ભારતમાં આકર્ષક સૌર ઊર્જા કરારો કરવા માટે લાંચ આપવામાં આવી હતી, જેમાથી ૨૦ વર્ષમાં ૨૦૦ કરોડ ડૉલર નફો કમાવવાની અપેક્ષા હતી. યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC)એ અદાણી ગ્રુપ અને એઝ્યુર પાવર ગ્લોબલના એક્ઝિક્યુટિવ સિરિલ કેબનેસ સામે અલગ-અલગ આરોપો દાખલ કર્યા છે, જેમાં તેઓ ઉપર ૨૦૦ કરોડ ડૉલરની લોન અને બોન્ડ્સ સુરક્ષિત કરવા માટે ખોટા નિવેદનો જારી કરવાનો આરોપ મૂક્યો છે. અદાણી ગ્રુપે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા છે. આ આરોપો પછી અદાણી ગ્રુપની તપાસને વધુ તીવ્ર બની છે, જેને અગાઉ પણ યુએસ સ્થિત શોર્ટ-સેલર હિન્ડનબર્ગ રિસર્ચ તરફથી ઓફશોર ટેક્સ હેવન્સના અયોગ્ય ઉપયોગના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૪માં હિન્ડનબર્ગે દસ્તાવેજોને ટાંકીને SEBIના અધ્યક્ષ માધબી પુરી બુચ ઉપર સમૂહ દ્વારા ઉપયોગમાં લેવાતા ઓફશોર ફંડ્સની લિંક્સ હોવાનો આરોપ મૂક્યો હતો. શોર્ટ-સેલરે આક્ષેપ કર્યો હતો કે, અગાઉના રોકાણોને કારણે બુચને અદાણી બાબતમાં હિતોનો સંઘર્ષ છે. બુચ અને SEBIએ આ આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું કે, આ દાવાઓ પાયાવિહોણા છે અને નિયમનકારે અદાણી ગ્રુપ સામેના આક્ષેપોની યોગ્ય તપાસ કરી હતી.

# ૬૦ વર્ષમાં પ્રથમવાર મહારાષ્ટ્રમાં વિપક્ષના કોઈ નેતા નહીં હોય

મુંબઈ, તા.૨૬

૬૦ વર્ષમાં પ્રથમ વખત મહારાષ્ટ્ર વિધાનસભામાં કોઈ વિપક્ષી નેતા (LoP) નહીં હોય કારણ કે, કોઈ વિરોધ પક્ષ આ પદ માટે પાત્ર નથી. મહા વિકાસ અઘાડી ગઠબંધનને આંચકો લાગ્યો છે જેનો ૨૦ નવેમ્બરે યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મોટો પરાજય થયો હતો. હાલમાં જ પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને તેના સાથી પક્ષો-શિવસેના અને એનસીપીએ જબરદસ્ત જીત નોંધાવી હતી. ભાજપે ૧૩૨ બેઠકો જીતી છે; મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ ૫૭ બેઠકો જીતી છે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળની NCPને ૪૧ બેઠકો મળી છે. રાજ્યમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો છે. મહા વિકાસ અઘાડી (MVA)ના ઘટકોને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT)ને ૨૦ બેઠકો, કોંગ્રેસને ૧૬ અને શરદ પવારની આગેવાની હેઠળની NCP (SCP) માત્ર ૧૦ બેઠકો મળી છે. હવે નિર્ધારિત નિયમો મુજબ કોઈપણ વિપક્ષી પક્ષ પાસે વિપક્ષના નેતાના પદનો દાવો કરવા માટે વિધાનસભાની કુલ સંખ્યાની ૧૦ ટકા બેઠકો હોવી આવશ્યક છે. આ સ્થિતિમાં ૨૮૮ બેઠકોમાંથી ૧૦ ટકા અથવા ૨૮-૨૯ બેઠકો ધરાવતી પાર્ટી આ પદ માટે દાવો કરી શકે છે. જો કે, તમામ MVA પક્ષો પાસે તેનાથી ઓછી બેઠકો છે. પૂર્વ મુખ્ય સચિવ (વિધાનમંડળ) અનંત કાલસેએ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે, ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં જો વિરોધ પક્ષ પાસે ૨૮ ચૂંટાયેલા સભ્યો હોય તો જ તે વિપક્ષના નેતાને નોમિનેટ કરી શકે છે. રાજ્ય વિધાનસભા ચૂંટણીના પરિણામો અનુસાર સૌથી મોટી વિપક્ષી પાર્ટી શિવસેના (UBT) પાસે માત્ર ૨૧ સભ્યો છે, તેથી તે આ પદ માટે દાવો કરી શકે નહીં. કોંગ્રેસ ૧૬ સભ્યો સાથે અને શરદ પવારની આગેવાની હેઠળની NCP ૧૦ સભ્યો હોવાથી તે પણ વિચારણાના ક્ષેત્રમાં નથી.

### ગુજરાતમાં નકલીનો ધમધમાટ

# ગુજરાતમાં દસ હજાર જેટલી ગેરકાયદેસર લેબ ચાલી રહી હોવાનું પણ સામે આવ્યું

## MD પેથોલોજિસ્ટને માન્યતા મળી હોવા છતાં, માત્ર ૧૦-૧૨ પાસ ટેકનિશિયન જ લેબ ચલાવે છે

અમદાવાદ,તા.૨૬

ગુજરાત રાજ્યમાં ગેરકાયદે પેથોલોજી લેબનું પૂર આવ્યું છે. ગુજરાતમાં લેબ કોણ ચલાવી શકે? ગુજરાત સ્ટેટ પેથોલોજીસ્ટ એન્ડ માઈક્રોબાયોલોજિસ્ટ એસોસિએશન અને રાજ્યના લેબ ટેકનિશિયન વચ્ચે છેલ્લા ૧૯ વર્ષથી કોણ પાત્ર છે તે મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ અંગે ૨૦૦૬માં ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી અને ૨૦૧૦માં હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે લેબોરેટરીમાં માત્ર માન્ય ડિગ્રી ધરાવતા ડોક્ટરો જ હોવા જોઈએ.

જો કે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો ત્યારે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે આપેલા મહત્વના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે હવેથી તમામ લેબોરેટરી રિપોર્ટમાં એમડી પેથોલોજિસ્ટની સહી ફરજિયાત હોવી જોઈએ. તે સિવાયની કોઈ ડિગ્રી અને સહી હશે તો રિપોર્ટ અમાન્ય ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ પણ લેબોરેટરીમાં ભારે અરાજકતા જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં લેબોરેટરીનું સંચાલન કરવા માટે કોઈ નથી. લેબોરેટરીમાં એમડી પેથોલોજિસ્ટ નહીં પરંતુ ૧૦મું-૧૨ પાસ પેથોલોજીસ્ટ બની ગયા છે. આ બાબતે વર્ષ ૨૦૧૭માં ગુજરાત એસોસિએશન ઓફ પેથોલોજીસ્ટ એન્ડ માઈક્રોબાયોલોજિસ્ટ દ્વારા ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ચાલતી ૫૧૨ લેબોરેટરીઓના નામ અને સરનામા સહિતની લેખિત માહિતી રાજ્ય પોલીસ વડાને આપી હતી, પરંતુ આજદિન સુધી કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી.

ગુજરાતમાં લેબોરેટરીમાં પેથોલોજિસ્ટની સહી ફરજિયાત છે, પરંતુ ઘણા કિસ્સામાં વર્ચ્યુઅલ સિગ્નેચર કરવામાં આવી રહ્યું છે, જે વાસ્તવમાં માન્ય ગણવામાં આવતું નથી. ગુજરાત એસોસિએશન ઓફ પેથોલોજીસ્ટ એન્ડ માઈક્રોબાયોલોજીસ્ટના પૂર્વ પ્રમુખ ડો.મહેન્દ્ર પટેલ કહે છે કે દર્દીના રોગનું નિદાન લેબ રિપોર્ટના આધારે જ થાય છે. હવે જો નિદાન ખોટું થશે તો દર્દીનો જીવ જોખમમાં આવી શકે છે. આ જોતાં એમડી પેથોલોજિસ્ટ હોવું ફરજિયાત છે. આમ, ગુજરાતમાં લેબોરેટરીઓના સંચાલન પર સવાલો ઉઠી રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ શાંતિની ઊંઘમાં છે. લેબોરેટરીના બોર્ડનું વેચાણ થઈ રહ્યું છે આ ઉપરાંત ગુજરાતમાં પણ લેબોરેટરીના બોર્ડનું વેચાણ થઈ રહ્યું હોવાની ચોંકાવનારી માહિતી મળી છે, જેમ કે લેબોરેટરીના બોર્ડમાં એમડી પેથોલોજીસ્ટનું નામ છે, પરંતુ વાસ્તવમાં તે માત્ર ૧૦ પાસ ટેકનિશિયન છે. ૧૦-૧૨ તપાસ કરી રહ્યા છીએ. રિપોર્ટ પર એમડી પેથોલોજિસ્ટની સહી હોવી આવશ્યક છે. પ્રયોગશાળામાં આ પ્રકારનું મતદાન ચાલી રહ્યું છે. આમ છતાં આરોગ્ય વિભાગ આંખ આડા કાન કરી રહ્યું છે.મોટાભાગની લેબોરેટરીઓ સાથે ડોકટરોની સાંઠગાંઠ છે. દર્દીને તેની જરૂર હોય કે ન હોય. કમિશન કમાવવા માટે ડૉક્ટરો દર્દીઓને પેથોલોજીસ્ટ અથવા ટેકનિશિયનની લેબોરેટરીમાં વિવિધ પરીક્ષણો કરાવવા માટે મોકલે છે. દર્દીએ ટેસ્ટ કરાવ્યો હોય તો પણ ડૉક્ટર રિપોર્ટને માન્ય ગણતા નથી. ઘણા ડોકટરોએ તેમના ક્લિનિક્સ અને હોસ્પિટલોમાં પ્રયોગશાળાઓ ખોલી છે.રાજ્યના આરોગ્ય વિભાગ અને પોલીસે ગેરકાયદેસર લેબોરેટરીઓના મુદ્દે સતત અવગણના કરી છે અને રાજ્યના લોકાયુક્ત પર પણ હુમલો થયો છે. થોડા સમય પહેલા રાજ્યના લોકાયુક્તે રાજ્યના આરોગ્ય વિભાગ પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો હતો. રજૂ કરવા આદેશ કરાયો છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ હાલમાં પેથોલોજી લેબમાં કામ કરી રહેલા પેથોલોજિસ્ટનું નામ અને સરનામું, લેબમાં ટેસ્ટ કરતા લોકોના નામ, ટેસ્ટિંગની પદ્ધતિની વિગતો અને ઉપયોગમાં લેવાતા મેડિકલ સાધનોની વિગતો આપી છે. આ તમામ વિગતો સાથે લેબની તપાસનો આદેશ પણ આપવામાં આવ્યો હતો, પરંતુ આ હોબાળો માત્ર દેખાડો સાબિત થયો હતો.

### પિતાએ હાર્ટ પમ્પીંગ કર્યું પણ બચાવી ન શક્યા

# રાજકોટમાં ૧૧ વર્ષના બાળકને હાર્ટ એટેક આવ્યો

## હાર્ટ એટેકમાં કેટલાય પરિવારજનો દ્વારા પોતાનાં સ્વજનો ગુમાવ્યા છે

રાજકોટ,તા.૨૬

છેલ્લા ઘણાં સમયથી હાર્ટ એટેકને કારણે મૃત્યુના બનાવોનું પ્રમાણ વધી ગયું છે. ત્યારે હાર્ટ એટેકમાં કેટલાય પરિવારજનો દ્વારા પોતાનાં સ્વજનો ગુમાવ્યા છે. રાજકોટમાં પણ ૧૧ વર્ષનાં બાળકનું હદય રોગનાં હુમલાથી મૃત્યું થયું હતું. બાળક અચાનક ઢળી પડતા પરિવારજનો દ્વારા બાળકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરનાં તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.રાજકોટ શહેરનાં ગોંડલ રોડ પાસે વિજય પ્લોટમાં રહેતા દેવરાજ કનકભાઈ કારેલિયા ઉ.વર્ષ.૧૧ સવારે પોતાનાં ઘર બહાર અન્ય બાળકો સાથે બેઠો હતો. તે દરમ્યાન અચાનક જ દેવરાજ જમીન પર ઢળી પડ્યો હતો.

ત્યાર બાદ દેવરાજનાં પિતાએ હાર્ટ પમ્પિંગ પણ કર્યું હતું. જે બાદ આ અંગેની જાણ પરિવારજનોને થતા પરિવારજનો દ્વારા દેવરાજને તાત્કાલીક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ફરજ પર હાજર દર્દીએ દેવરાજને મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.મળતી માહિતી મુજબ કનકભાઈ કારેલિયાને સંતાનમાં બે પુત્ર છે. જેમાં દેવરાજ મોટો હતો. તેમજ ધો. ૬ માં ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ભણતો હતો. ત્યારે પિતા દ્વારા પુત્રને બચાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જે બાદ દેવરાજને બેભાન અવસ્થામાં જ વધુ સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેને બચાવવા માટે ડોક્ટર દ્વારા અથાગ પ્રયત્ન કરવામાં આવ્યા હતા. જે બાદ હોસ્પિટલનાં તબીબ દ્વારા દેવરાજનું હાર્ટ એટેકથી મૃત્યું થયું હોવાનું જણાવ્યું હતું.

૧ મહિના પહેલા આ લક્ષણો દેખાય છે

છાતીમાં દુખાવો

છાતીમાં ભાર લાગવો

ધબકારા વધવ

છાતીમાં બળતરા

શ્વાસ લેવામાં સમસ્યા

થાક લાગવો

હાર્ટ અટેક સંબંધિત કરવામાં આવેલી સ્ટડીમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે, એક મહિના પહેલા વ્યક્તિને ઉંઘ સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અને આ શરૂઆતી લક્ષણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે. સ્ટડી મુજબ ૫૦ ટકા મહિલાઓ હાર્ટ એટેક પહેલા ઊંઘ સંબંધિત સમસ્યાથી પીડાતી હતી. આ સમષ્યા ૩૨ ટકા પુરુષોમાં જોવા મળી હતી.છાતીમાં દુખાવો થવુ એ હાર્ટ એટેકનું સૌથી સામાન્ય લક્ષણ છે. જે લક્ષણ પુરુષો અને સ્ત્રીઓમાં સમાન જોવા મળે છે. સ્ટડીમાં સામેલ ૯૩ ટકા પુરુષો અને ૯૪ ટકા સ્ત્રીઓમાં આ લક્ષણ જોવા મળ્યુ હતુ.

### સુપ્રીમ કોર્ટે તમામ PIL ફગાવી

# બંધારણના આમુખમાંથી સમાજવાદ અને સેક્યુલર શબ્દો નહીં હટે

## આજ ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ છે તેની પૂર્વસંધ્યાએ જ સુપ્રીમ કોર્ટે અરજદારોને આપ્યો હતો મોટો આંચકો

નવી દિલ્હી, તા. ૨૬

બંધારણના આમુખમાંથી 'સમાજવાદ' અને 'સેક્યુલર' શબ્દો હટાવવાની દાદ માગતી જાહેર હિતની અરજીઓ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ છે અને આજે આ અંગેનો ચુકાદો આપતા કોર્ટે આ શબ્દો દૂર કરવા ઈનકાર કરી દીધો છે. ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી દરમિયાન ૧૯૭૬માં બંધારણનો ૪૨મો સુધારો દાખલ કરીને આમુખમાં "સમાજવાદ" અને "સેક્યુલર" શબ્દો ઉમેરી દેવામાં આવ્યા હતા. આ શબ્દો હટાવી દેવા જોઈએ કેમ કે તે મૂળ બંધારણનો ભાગ નહોતા તેવી દાદ માગતી જાહેર હિતની અરજીઓ કરવામાં આવી હતી જેને આજે સોમવારે મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ પીવી સંજય કુમારની બેન્ચ ફગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે જોકે, તેના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે, બંધારણમાં સુધારો કરવાનો અધિકાર સંસદ પાસે છે. અલબત્ત કોઈપણ સુધારાથી બંધારણના મૂળ ભાવમાં ફેરફાર ન થવો જોઈએ.

સુપ્રીમ કોર્ટના મતે ૧૯૪૯ની ૨૬ નવેમ્બરે જે પ્રસ્તાવના હતી તે પ્રસ્તાવના પુનઃ સ્થાપિત કરવા આ શબ્દો હટાવી શકાય નહીં. એ વાત સાચી છે કે, બંધારણસભાએ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ દેશને સોંપી દીધું હતું, પરંતુ કલમ ૩૬૮ હેઠળ આપવામાં આવેલા અધિકારને આ તારીખ દ્વારા દૂર ન કરી શકાય.


ભાજપના ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી, સામાજિક કાર્યકર બલરામ સિંહ તથા એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે જાહેર હિતની અરજીઓ દાખલ કરીને ૧૯૭૬માં કરવામાં આવેલા ૪૨મા સુધારા દ્વારા બંધારણના મૂળ આત્માને ખતમ કરી દેવામાં આવ્યો હતો, અને તેથી પ્રસ્તાવનામાંથી સમાજવાદ અને સેક્યુલર શબ્દો હટાવી દેવા જોઈએ.

સુબ્રમણ્યમ સ્વામીએ તેમની અરજીમાં કહ્યું હતું કે, બંધારણ જે દિવસે અપનાવવામાં આવ્યું હતું તે દિવસે જે પ્રસ્તાવના હતી તેમાં પછીથી ફેરફાર કરી દેવામાં આવ્યો છે. જ્યારે એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે તેમની અરજીમાં દલીલ કરી હતી કે, તેમને સમાજવાદી અને સેક્યુલર શબ્દો સામે વાંધો નથી, પરંતુ એ શબ્દો જે રીતે સામેલ કરી દેવામાં આવ્યા હતા તેની સામે વાંધો છે.

### રાજસ્થાનની સરકારી હોસ્પિટલમાં ઘોર બેદરકારીનો મામલો સામે આવ્યો

# ડોક્ટરે દર્દીના પેટમાં છોડી દીધો રૂમાલ, ૩ મહિનામાં ફરી કરવામાં આવી સર્જરી

## મહિલાને ૩ મહિના સુધી પેટમાં દુ:ખાવો થતો રહ્યો અને તે પેઈન કિલર ગોળીઓ લેતી રહી



જયપુર,તા.૨૬

રાજસ્થાનના કુચામનની એક સરકારી હોસ્પિટલમાં ઘોર બેદરકારીનો મામલો સામે આવ્યો છે. અહીં એક મહિલાના પેટના ઓપરેશન દરમિયાન ડોક્ટરોએ તેના પેટની અંદર રૂમાલ છોડી દીધો અને ટાંકા પણ લગાવ્યા. મહિલાને ૩ મહિના સુધી પેટમાં દુખાવો થતો રહ્યો અને તે પેઈન કિલર ગોળીઓ લેતી રહી. જ્યારે દર્દ હદથી વધી ગયું તો પરિવાર મહિલાને એઈમ્સમાં લઈ ગયો. જ્યારે છૈંસ્જીએ આ ટુવાલને પેટની અંદરથી બહાર કાઢ્યો તો બધા દંગ રહી ગયા.કુચામનની સરકારી હોસ્પિટલમાં એક મહિલાની સિઝેરિયન ડિલિવરી દરમિયાન ડોક્ટરોએ તેના પેટમાં ૧૫ બાય ૧૦ માપનો ટુવાલ (એક પ્રકારનો મેડિકલ ગઝ) છોડી દીધો હતો. અંદર ટુવાલ હોવા છતાં મહિલાને ટાંકા લગાવવામાં આવ્યા હતા. ૧ જુલાઈથી, ડિલિવરીના પહેલા દિવસથી, મહિલાને ત્રણ મહિના સુધી પેટમાં અસહ્ય દુખાવો હતો, પરંતુ કુચામનના સરકારી ડોક્ટરોની વાત તો છોડી દો, ખાનગી હોસ્પિટલો, મકરાણાની હોસ્પિટલો અને અજમેરના ડોક્ટરો પણ મહિલાની પીડા સમજી શક્યા નથી. .અજમેરમાં, ડોક્ટરોએ સીટી સ્કેન કર્યું અને પેટમાં એક ગઠ્ઠો મળ્યો. કંટાળીને મહિલાનો પરિવાર એઈમ્સ જોધપુર પહોંચ્યો, જ્યાં ગેસ્ટ્રો સર્જરી વિભાગના ડોક્ટરોએ સિટી સ્કેન કર્યા બાદ શરીરની અંદર ટુવાલ હોવાની માહિતી આપી અને ઓપરેશન દરમિયાન ટુવાલ જોઈને સ્તબ્ધ થઈ ગયા.આટલો મોટો ટુવાલ તેના આંતરડામાં ચોંટી ગયો હતો અને મહિલાના આંતરડાને નુકસાન થયું હતું.

ત્રણ મહિના સુધી, મહિલાએ ઘણી પેઈનકિલર્સ લીધી, જેના કારણે તેના શરીરના અન્ય ભાગોને પણ નુકસાન થયું. ડીડવાના સીએમએચઓએ મામલાની તપાસ માટે ત્રણ ડોક્ટરોની એક સમિતિની રચના કરી હતી પરંતુ પરિવાર સંતુષ્ટ નથી. તેથી હવે તેણે ન્યાય માટે રાજસ્થાન હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે.કુચામનની રહેવાસી પીડિતા પેટમાં દુખાવાને કારણે બહુ ઓછું ખોરાક ખાઈ શકતી હતી, જેના કારણે તેના સ્તનમાંથી દૂધ ખૂબ જ ઓછું થઈ રહ્યું હતું. બાળકને જન્મથી જ બહારનું દૂધ પીવડાવવું પડતું હતું. નિયમ મુજબ પહેલા છ મહિના સુધી માત્ર માતાનું દૂધ જ પીવડાવવું જરૂરી છે. બહારનું દૂધ પીવાથી બાળકના જીવનભર કુપોષિત રહેવાનું જોખમ વધી જાય છે.પીડિતાની આંતરડાને નુકસાન થવાને કારણે તેની પાચનતંત્ર પર ખરાબ અસર પડી હતી. છૈંસ્જીના ડૉક્ટરોએ પીડિતાને આગામી ત્રણ-ચાર મહિના સુધી લિક્વિડ ડાયટ સાથે હળવો આહાર લેવાની સલાહ આપી છે.એઈમ્સમાં ગેસ્ટ્રો સર્જરીના ડો.સુભાષ સોનીના નેતૃત્વમાં ડો.સેલ્વાકુમાર, ડો.વૈભવ વાર્શ્રેય, ડો.પીયુષ વાર્શ્રેય અને ડો.લોકેશ અગ્રવાલે સર્જરી કરી હતી. ડોકટરોએ ટુવાલનો ટુકડો લઈને તેને કલ્ચર માટે મોકલ્યો છે જેથી કરીને તેમાં ત્રણ મહિનામાં વધતા બેકટેરિયા અને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓની તપાસ કરી શકાય.આ મામલે ડીડવાના ચીફ મેડિકલ અને હેલ્થ ઓફિસર ડૉ.અનિલ જુડિયાનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે અમે આ મામલાની તપાસ માટે ડોક્ટરોની ત્રણ સભ્યોની કમિટી બનાવી છે. સમિતિએ તપાસ પૂર્ણ કરી છે.

### ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ૨૦૨૫ માટે મેગા ઓક્શન

# ભારતીય ફાસ્ટ બોલર્સની બોલબાલા! ૪ દિગ્ગજ માટે ટીમોએ ખોલી તિજોરી

જેદ્દાહ, તા.૨૬

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ૨૦૨૫ માટે આજે મેગા ઓક્શનનો બીજો દિવસ છે. આજે ટીમોને ઓછા પર્સમાં વધારે અને સ્માર્ટ ખરીદી કરવાની રહેશે. આજે ભારતીય મૂળના કેટલાક ક્રિકેટર્સ પર ખાસ નજર રહેશે. કૃણાલ પંડ્યા, વોશિંગ્ટન સુંદર, દિપક ચહર જેવા ક્રિકેટર્સ આજે ઓક્શનમાં ભાગ લેનાર ખેલાડીઓ પર સૌની નજર હતી. કેટલાક દિગ્ગજ ખેલાડીઓ અનસોલ્ડ રહ્યા હતા. કેન વિલિયમસન, ગ્લેન ફિલિપ્સ, અજિંક્ય રહાણે, મયંક અગ્રવાલ, પૃથ્વી શો, શાર્દૂલ ઠાકુર, ડેરીલ મિચેલ, કે. એસ. ભરત જેવા ખેલાડીઓ અનસોલ્ડ રહેતા ક્રિકેટ પ્રેમીઓને નવાઈ લાગી હતી.

**ઓક્શનના બીજા દિવસે કોણે કોને ખરીદ્યા?**

ફાફ ડુ પ્લેસીસ- ૨ કરોડ, દિલ્હી કેપિટલ્સ

રોવમેન પોવેલ- ૧.૫ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ

સેમ કરન- ૨.૪ કરોડ, ચેન્નઈ સુપર કિંગ્સ

વોશિંગ્ટન સુંદર- ૩.૨ કરોડ, ગુજરાત ટાઈટન્સ

માર્કો યાન્સન- ૭ કરોડ, પંજાબ કિંગ્સ

કૃણાલ પંડ્યા- ૫.૭૫ કરોડ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ

નીતિશ રાણા- ૪.૨૦ કરોડ, રાજસ્થાન રોયલ્સ

રાયમ રિકલ્ટન- ૧ કરોડ, મુંબઈ ઈન્ડિયન્સ

જોશ ઈંગ્લિશ- ૨. ૬ કરોડ, પંજાબ કિંગ્સ

ભુવનેશ્વર કુમાર- ૧૦.૭૫ કરોડ - રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ

જેરાલ્ડ કોટયે- ૨.૪ કરોડ, ગુજરાત ટાઈટન્સ

તુષાર દેશપાંડે- ૬.૫ કરોડ, રાજસ્થાન રોયલ્સ

મુકેશ કુમાર- ૮ કરોડ, દિલ્હી કેપિટલ્સ (ઈ્ર કાર્ડ)

દીપક ચહર-૯.૨૫ કરોડ, મુંબઈ ઈન્ડિયન્સ

આકાશ દીપ- ૮ કરોડ, લખનઉ સુપર જાયન્ટ્સ

લોકી ફર્ગ્યુસન- ૨ કરોડ, પંજાબ કિંગ્સ

અલ્લાહ ગજનફર- ૪.૮૦ કરોડ, મુંબઈ ઈન્ડિયન્સ

**દિગ્ગજ ક્રિકેટર અનસોલ્ડ રહ્યા**

કેન વિલિયમસન - અનસોલ્ડ

ગ્લેન ફિલિપ્સ - અનસોલ્ડ

અજિંક્ય રહાણે - અનસોલ્ડ

મયંક અગ્રવાલ - અનસોલ્ડ

પૃથ્વી શો - અનસોલ્ડ

શાર્દુલ ઠાકુર - અનસોલ્ડ

ડેરીલ મિચેલ - અનસોલ્ડ

કે. એસ. ભરત - અનસોલ્ડ

મુજીબ ઉર રહેમાન - અનસોલ્ડ

આદિલ રશીદ - અનસોલ્ડ

કેશવ મહારાજ - અનસોલ્ડ

ભારતીય ફાસ્ટ બોલર્સની બોલબાલા!

IPL મેગા ઓક્શનમાં ૪ દિગ્ગજ બોલર્સ પાછળ ટીમોએ તિજોરી ખોલી હતી. સ્વિંગ કિંગ ભુવનેશ્વર કુમાર કિંગ કોહલીની સાથે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુમાં રમશે. તો દિપક ચહરને મુંબઈએ ૯.૨૫ કરોડ અને મુકેશ કુમાર તથા આકાશદીપને લખનઉ સુપર જાએન્ટ્સે ૮ કરોડમાં ખરીદ્યા હતા.

ભુવનેશ્વર કુમાર- ૧૦.૭૫ કરોડ - રોયલ ચેલેન્જ બેંગલુરુ

દીપક ચહર- ૯.૨૫ કરોડ, મુંબઈ ઈન્ડિયન

મુકેશ કુમાર- ૮ કરોડ, દિલ્હી કેપિટલ્સ

આકાશ દીપ- ૮ કરોડ, લખનઉ સુપર જાયન્ટ્સ

RCBએ કૃણાલ પંડ્યાને ૫.૭૫ કરોડમાં ખરીદતા એક સમયે LSGનો કેપ્ટન રહી ચૂકેલ ખેલાડી હવે સસ્તામાં હરીફ ટીમમાં ગયો હતો. નીતિશ રાણાને રાજસ્થાન રોયલ્સે ૪.૨ કરોડમાં ખરીદ્યો હતો જે એક સમયે કોલકાતા નાઈટ રાઈડર્સનો કેપ્ટન રહ્યો હતો.

એક તરફ ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સીરિઝ રમી રહી છે ત્યારે અગાઉ ગાબા ટેસ્ટમાં ભારતને ઐતિહાસિક જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર કેપ્ટન રહાણે અને શાર્દૂલ ઠાકુર જેવો ઓલરાઉન્ડર પણ અનસોલ્ડ રહ્યો છે ત્યારે ક્રિકેટ પ્રેમીઓ ચોંકી ગયા છે. આ સિવાય ન્યૂઝીલેન્ડનો દિગ્ગજ વિલિયમસન પણ અનસોલ્ડ રહ્યો હતો.



આ ભારેખમ સ્કુલ બેગ ઉપાડી ડોકટર કે વકીલ ન થઈએ તો મોટા થઈને સફળ મજુર જરૂર થઈ શકીશું.!

અત્યંત ભારે સ્કુલ બેગ ઉપાડી મને સ્કુલે મુકી જાય અને પાછો લઈ આવે તેવો મજુર લાવી આપો ને..!

# ન્યુ લાઈફ કેર હોસ્પિટલના ગાયનેકોલોજીસ્ટ ડો.કેતન ગઢવી દ્વારા અતિ ગંભીર કેસમાં નોર્મલ ડીલેવરી કરાવી વધુ એક સિદ્ધી મેળવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

તા.૧૫-૫-૨૦૨૨થી જૂનાગઢમાં કાર્યરત એવી ન્યુ લાઈફ કેર હોસ્પિટલના પ્રતિષ્ઠિત સેવાભાવી ગાયનેકોલોજિસ્ટ ડો. કેતન ગઢવીએ માત્ર જૂનાગઢના પરિવારોને જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના અનેક પરિવારોમાં નોર્મલ ડિલિવરી કરાવી માતૃત્વની ધન્યતાનો અનુભવ કરાવ્યો છે. એમાં પણ હાઈ રીસ્ક પ્રેગ્નન્સીની વાત આવે ત્યારે લોકો ચોક્કસથી ન્યુ લાઈફ કેર હોસ્પિટલને જ પ્રાધાન્યતા આપે છે એના ઘણા બધા કારણો પૈકી મુખ્ય કારણ તો સાહેબનો આટલા વર્ષોનો અનુભવ અને ઓપરેશનની પોતાની સ્પેશિયલ સ્કિલ છે. તાજેતરમાં બનેલા એક આવા જ ચેલેંજીંગ કેસનું સૌરાષ્ટ્રના સંકોટમોચન એવા ડો. ગઢવી બહુ જ સરળતાથી નિરાકરણ કરી અસરગ્રસ્ત પરિવારમાં રાજીપાનો પહાડ ખડકી દીધો છે. એક યાદી મુજબ પોરબંદર જીલ્લાના કુતિયાણા તાલુકાના ધુવાડા ગામના લીલુબેન વીરાભાઈ રાડા નામના પેશન્ટને ચોથી ડીલેવરી હતી જેમાં આગળની ત્રણ ડીલેવરી સિઝેરિયન દ્વારા બાળકનો જન્મ કરાવેલ. પરંતુ ચોથી ડીલેવરીના પાંચમા મહિને પેશન્ટને પ્લેસન્ટા પરક્રેટા નામની સમસ્યા સર્જાય આ પ્રકારની સમસ્યા અંદાજિત પાંચથી સાત હજાર લોકોમાંથી કોઈ એકને સર્જાતી હોય છે અને તેની સારવાર માટે પેશન્ટને રાજકોટ કે અમદાવાદ જવું પડતું હોય છે. પ્લેસન્ટા નું મુખ્ય કાર્ય ગર્ભાશયમાં અસ્તરને જોડે છે અને નાળ દ્વારા વિકાસ પામતા બાળકને ઓક્સિજન અને પોષક તત્વો પૂરૂ પાડવાનું કાર્ય કરતું હોય છે. જેમાં પ્રથમ પાંચ મહિના દરમ્યાન બેબી ઉપર હોય છે જ્યારે પ્લેસન્ટા નીચે હોય છે પરંતુ પાંચ મહિના બાદ બાળકના વધતા વજનને પરિણામે કુદરતી રીતે બેબી નીચે આવી જાય અને પ્લેસન્ટા ઉપર આવી જાય અને ડીલેવરી સરળતાથી કરી શકાય પરંતુ કેટલાક કિસ્સાઓમાં ખાસ કરીને અગાઉની ડીલીવરી સિઝેરિયન દ્વારા બાળકનો જન્મ કરેલ હોય તો આવી સમસ્યાની શક્યતા વધી જાય છે. જ્યારે પેશન્ટને આ બાબતની જાણ થઈ ત્યારે પહેલા તો તેઓએ પોરબંદરમાં જ આ માટેની સારવારનો પ્રયત્ન કર્યો પરંતુ ત્યાં તેઓને નિરાશા મળતા ન્યુ લાઈફ કેર હોસ્પિટલના પ્રખ્યાત ગાયનેલોજિસ્ટ ડો. કેતન ગઢવી સાહેબનો સંપર્ક કર્યો હતો. ડો.ગઢવી સાહેબે પણ તાત્કાલિક સોનોગ્રાફી અને એમઆરઆઈના રિપોર્ટ કરાવતા માલુમ પડ્યું કે ઉપરા ઉપરી ત્રણ સિઝેરિયન ડીલેવરીને લીધે ગર્ભમાં બાળકને બદલે પ્લેસન્ટા નીચે તરફ રહેલું છે. હવે આ પરિસ્થિતિમાં ઓપરેશન કરવું ખૂબ કપરૂ હોય કારણ કે જો પ્લેસન્ટા દૂર કરવા જઈએ તો આ જગ્યા ઉપર બ્લડ વેસલ્સ એટલે કે રૂધિરવાહિનીઓ ખૂબ જાડી હોવાને લીધે વધુ માત્રામાં બ્લીડિંગ(રક્તસ્રાવ) થાય અને દર્દી તથા નવજાત શિશુનો જીવ પણ જોખમાઈ જાય. આ મુશ્કેલીનું નિવારણ કરવા સૌથી પહેલા તો યોગ્ય અને પૂરતા જથ્થામાં બ્લડની વ્યવસ્થા કરવી પડે વળી દર્દીનું બ્લડ ગ્રુપ A-neg[a]iv હતું જે બહુ જ જૂજ લોકોમાં જોવા મળે પરંતુ રામચરિત માનસની ચોપાઈ મુજબ "લાય સજીવન લખન લીજાયે, શ્રી રઘુવીર હરષિ ઉર લાયે" ડો.ગઢવી સાહેબે તાત્કાલિક પૂરતી માત્રામાં બ્લડની વ્યવસ્થા કરી રાડા પરિવારને આસ્વસ્થ કર્યા અને બહુ જ કપરૂ અને જોખમી ગણાતા આ ઓપરેશનની તૈયારી કરી હતી. આમ તો આ પ્રકારના ઓપરેશન ઘણા કલાકો ચાલે પરંતુ જો આવું થાય તો દર્દી માટે મુશ્કેલી થાય પરંતુ રાડા પરિવાર માટે દેવદૂત સમા ડો.ગઢવી સાહેબ માત્ર દોઢ કલાક જેટલો નજીવો સમય લઈ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. આ ઓપરેશનમાં એનેસ્થેસી આપવામાં માહિર એવા જૂનાગઢના ડોક્ટર રમેશ ચોટલીયા સાથે સાથે સર્જનની પણ જરૂર પડે એ માટે સૌરાષ્ટ્રના ખ્યાતના સર્જન ડોક્ટર વિનય હરિયાણી તથા ડોક્ટર યાદવ પણ હાજર રહ્યા અને ઓપરેશનને અંતે રાડા પરિવારને ત્યાં સવા બે કિલો વજન સાથે પૂત્ર રત્નનો જન્મ કરાવ્યો, જે સુપ્રસિદ્ધ બાળ રોગ નિષ્ણાંત ડોક્ટર કલ્પેશ બાખલકીયાને ત્યાં પ્રાથમિક સારવારના અંતે પરિવારને સુપ્રત કર્યો હતો. આમ, "દૈહિક દૈવિક ભૌતિક તાપા, રામ રાજ નહી કાહુહી બ્યાપા" ચોપાઈને જૂનાગઢની ન્યુ લાઈફ કેર હોસ્પિટલના ડો.કેતન ગઢવીએ સાર્થક કરી બતાવી છે.

## ભૂલી પડેલી બાળકીને એક જાગૃત નાગરિકે ૧૮૧ હેલ્પલાઇનનો સંપર્ક સાધતા પરિવાર પાસે સુરક્ષિત પહોંચાડતી ૧૮૧ અભયમ ટીમ





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૬

ગુજરાતની મહિલાઓની સુરક્ષા માટે સરકારની અનેક યોજનાઓ કાર્યરત છે. સરકાર મહિલાઓ માટે ખાસ કરીને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરૂ કરીને સ્ત્રીને વ્યક્તિગત અને સામાજિક રીતે સુરક્ષાનું અભય વચન પૂરૂ પાડી રહી છે. રાજકોટ શહેર ખાતે પાંચ વર્ષની બાળકીની મદદ માટે એક જાગૃત નાગરિકે ૧૮૧ હેલ્પલાઈનનો સંપર્ક સાધ્યો હતો. બાળકીની મદદ માટે અભયમ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમના કાઉન્સેલરશ્રી વૈશાલીબેન ચૌહાણે બાળકીનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે, બાળકી તેણીના માતા-પિતાને શોધતી હતી અને તેના માતાપિતાનું નામ યાદ ન આવતા ખુબ જ ગભરાયેલી હતી. કાઉન્સેલિંગના થોડા સમય પછી બાળકી શાંત થતાં જણાવ્યું કે, તેના માતાપિતા કારખાનામાં કામ કરે છે, અને તેમના ઘર પાસેના દુકાનદારનું નામ યાદ આવતા અભયમ ટીમ એ વિસ્તાર પાસે પહોંચી હતી. ત્યાં તે વિસ્તારમાં બાળકીની બહેન બહાર રમતી હતી. ત્યારબાદ, અભયમ ટીમે બાળકીની બહેન પાસેથી તેઓના માતાપિતાનો ફોન નંબર અને જરૂરી આધારપુરાવા મેળવી તેમના માતાને યોગ્ય સલાહ-સૂચન અને માર્ગદર્શન આપ્યા હતા. અને ત્યારબાદ અભયમ ટીમે બાળકી માતાને સોંપી ત્યારે માતાએ ભાવુક થઈને ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈને ભૂલી પડેલી બાળાને તેના ઘરે સુરક્ષિત પહોંચાડી હતી.

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જેતલસરના જય વરૂની જન્મજાત વળી ગયેલા પગની નિઃશુલ્ક સારવાર

### આર.બી.એસ.કે.ની તપાસમાં રોગનો ખ્યાલ આવ્યો, સર્જરી બાદ બાળક ઉભું રહેતા થઈ ગયું




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૬

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા બાળકોની નિયમિત તપાસ કરવામાં આવતી હોઈ છે. ત્યારે આર.બી.એસ.કે. ટીમ દ્વારા જેતપુર તાલુકાના જેતલસર ગામે બાળકોની તપાસ દરમ્યાન 'ક્લબ ફુટ'ની બાળપણથી જ વળી ગયેલ પગની બીમારી જય રણમલભાઈ વરુમાં જોવા મળી હતી. ટીમ દ્વારા ગત. તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બાળક જયનું ૪-ડી સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. જેમાં આ બીમારી કન્ફર્મ થતા ટીમ દ્વારા જયના પરિવારજનોને આ અંગે જાણ કરી વિશેષ સારવાર, નિદાન અર્થે જૂનાગઢ સિવિલ ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું. જયને તેમના પરિવારજનોએ ગત વર્ષ નવેમ્બરની ૨ જી તારીખે જૂનાગઢ સિવિલ ખાતે વિશેષ તપાસ કરાવી તેની સારવાર શરુ કરવામાં આવી હતી. અહીં બાળકના બંને પગમાં કુલ પાંચ તબક્કામાં પ્લાસ્ટર ફિટ કરવામાં આવ્યાં હતાં. આશરે એક વર્ષની સારવાર બાદ હાલ બાળક તેના પગ ઉપર ઉભું રહી શકે છે. આર.બી.એસ.કે. દ્વારા જન્મજાત બાળકમાં રહેલી ખામીને શોધી તેને પગભર બનાવવા બદલ જયના પરિવારે આરોગ્ય વિભાગ અને રાજ્ય સરકારનો આભાર માન્યો છે.

## વાસાવડ ખાતે નવનિર્મિત આયુષ્માન કેન્દ્રનું મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ





**નવનિર્મિત આરોગ્ય કેન્દ્રથી વાસાવડ તથા તેની આસપાસના ગામોને નિઃશુલ્ક આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થશે : મંત્રી કુંવરજી બાવળીયા**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૬

અન્ન અને નાગરિક પુરવઠા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ગોંડલ તાલુકાના વાસાવડ ગામમાં નવનિર્મિત આયુષ્માન કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે, મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સુવિધાઓનું નિર્માણ થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળીની તમામ સુવિધાઓ લોકોને ત્વરિત મળે તે માટે સરકાર અનેક વિકાસકાર્યો હાથ ધરી રહી છે. આ નવનિર્મિત આરોગ્ય કેન્દ્ર થકી વાસાવડ ગામ તથા આસપાસના વિસ્તારમાં રહેતા લોકોનાં આરોગ્યને લગતી તમામ સારવાર આ કેન્દ્ર ખાતેથી નિઃશુલ્ક મળી રહેશે. આ પ્રસંગે ગોંડલનાં ધારાસભ્ય ગીતાબા જાડેજા, જિલ્લા પંચાયત રાજકોટનાં ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, આરોગ્ય સમિતિના અધ્યક્ષ લીલાબેન ઠુંમર, તેમજ તાલુકા જિલ્લા પંચાયતનાં અગ્રણીઓ, ગામનાં સરપંચ તથા સભ્યઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયાના બેહ ગામે પત્નીને ત્રાસ આપતા યુવાનને બે સાળાઓએ લમધાર્યો

### પતિ સહિત પાંચ સાસરિયાઓ સામે સ્ત્રી અત્યાચાર સહિતનો ગુનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા તાલુકાના બેહ ગામે એક દંપતી પરિવાર વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં યુવાનના સાળાઓ દ્વારા તેમને માર મારવા તેમજ આ યુવાનના પત્ની દ્વારા સાસરિયાઓ સામે ત્રાસ ગુજારવા સહિતની જુદી જુદી ત્રણ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાય છે. ખંભાળિયાથી આશરે ૩૦ કિલોમીટર દૂર બેહ ગામે રહેતા જીવાભાઈ મુરુભાઈ હરગાણી નામના ૪૫ વર્ષના યુવાનને તેમના પત્ની સાથે ઝઘડો થયો હતો. આને અનુલક્ષીને કલ્યાણપુર તાલુકાના માળી ગામે રહેતા તેમના બે સાળાઓ માયાભાઈ કચરાભાઈ જામ તેમજ દેવાણંદભાઈ કચરાભાઈ જામ રવિવારે તેમના ઘરે આવ્યા હતા. અહીં બંને ભાઈઓ માયાભાઈ તેમજ દેવાણંદભાઈએ ફરિયાદી જીવાભાઈને કહ્યું હતું કે "અમારી બહેન સાથે કેમ ઝઘડો કરે છે?"- કેમ કહી બંને શખ્સોએ કુહાડી વડે હુમલો કર્યો હતો. જેમાં તેમને હાથમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થવા પામી હતી. જ્યારે અન્ય સાહેદ ગોપાલભાઈ તેમજ મટુબેન અને દેવિયાભાઈને પણ ઈજાઓ થતા ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા લોહી-લુહાણ થઈ ગયા હતા અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવમાં ખંભાળિયા પોલીસે જીવાભાઈ હરગાણીની ફરિયાદ પરથી બંને બંધુઓ સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ પૂર્વે નોંધાયેલી અન્ય એક ફરિયાદમાં બેહ ગામના જીવાબેન જીવાભાઈ હરગાણી (ઉ.વ. ૪૬) એ તેણીના પતિ જીવાભાઈ મુરુભાઈ હરગાણી, ગોપાલભાઈ મુરુભાઈ, થારીયાભાઈ મુરુભાઈ, પ્રતાપ ગોપાલભાઈ અને દેવિયા થારીયાભાઈ સામે નોંધાવી છે. જેમાં જણાવાયા મુજબ ફરિયાદી જીવાબેન ભેંસ દોતા હતા, તે દરમ્યાન આરોપી એવા તેણીના પતિએ જીવાભાઈએ કહેલ કે "તને ભેંસ દોતા આવડતું નથી"- તેમ કહી અને બોલાચાલી કરી હતી. આ પછી તેણીએ પોતાના જેઠને રજૂઆત કરતા આ બાબતનું મનદુઃખ રાખી તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચીને લાકડી, લોખંડના પાઈપ, કુહાડી, જેવા હથિયારો વડે તેમને માર મારી, ઈજાઓ પહોંચાડતા તેમને માથાના ભાગે સાત જેટલા ટાંકા આવ્યા હતા. આ સંદર્ભે ખંભાળિયા પોલીસે તમામ પાંચ સાસરિયાઓ સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી. આ બાદ નોંધાયેલી અન્ય એક ફરિયાદમાં બેહ ગામના અજયદાન પુંજાભાઈ હરગાણી ગઈકાલે સોમવારે તેમના મોટરસાયકલ ઉપર બેસીને ખંભાળિયા આવી રહ્યા હતા. ત્યારે માળી ગામના માયાભાઈ કચરાભાઈ જામએ તેમને મોવાણ ગામના પાટીયા પાસે અટકાવીને લાકડી બતાવીને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ધોરણસર ફરિયાદ ખંભાળિયા પોલીસે નોંધી છે. આ તમામ ત્રણ અલગ અલગ ફરિયાદોને અનુલક્ષીને પોલીસ દ્વારા આરોપીઓની અટકાયત સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

## ખંભાળિયાના દ્રષ્ટિ વિહીન દર્દીને ૫૦ વર્ષ બાદ આંખમાં દ્રષ્ટિ પાછી મળી



**૧૫ વર્ષની ઉંમરે આંખમાં લોખંડની ખીલી વાગતા દ્રષ્ટિ ચાલી ગઈ હતી**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયામાં રહેતા એક વૃદ્ધની આંખમાંથી ૧૫ વર્ષની વયે અકસ્માતે દ્રષ્ટિ ચાલી ગયા બાદ અથાગ પ્રયત્નો પછી અહીંની સરકારી હોસ્પિટલના નિષ્ણાંત તબીબની જહેમતથી ૫૦ વર્ષ બાદ તેમની દ્રષ્ટિ પુનઃ મળી છે. આધુનિક વિજ્ઞાન સાથે નિષ્ઠાના જીવંત ઉદાહરણની આ વિગત એવી છે કે ખંભાળિયામાં રહેતા મોહનભાઈ કણજારીયા નામના એક વ્યક્તિ ૧૫ વર્ષની ઉંમરના હતા, ત્યારે તેમને આંખમાં લોખંડની ખીલી લાગી હતી. જે ખીલીથી આંખની કીકી ચિરાઈ ગઈ હતી અને તેમને દેખાવાનું બંધ થઈ ગયું હતું. આ પછી તેમણે જે-તે સમયે જામનગરની જાણીતી એવી ઈરવિન હોસ્પિટલ (હાલની જી.જી. હોસ્પિટલ) માં જઈ, અને બે વખત ઓપરેશન કરાવી, પોતાની દ્રષ્ટિ પરત લાવવાનો પ્રયાસ કર્યો હતો. જે નિષ્ફળ નિવડતા ડોક્ટરોએ મંતવ્ય આપ્યું હતું કે હવે કદી તમારી દ્રષ્ટિ પાછી નહીં આવે. જેથી તેઓ નિરાશ થઈ ગયા હતા. આ બનાવને હાલ ૫૦ વર્ષ વીતી ચૂક્યા છે. ત્યારે મોહનભાઈ ખંભાળિયાની સરકારી હોસ્પિટલના આંખના નિષ્ણાત ડોક્ટર ઉત્સવ એચ. પડીયાના નિદાન - સારવારની બાબત જાણી અને તેમનો સંપર્ક કર્યો હતો. ખંભાળિયાની સિવિલ હોસ્પિટલના આંખના સર્જન ડો. ઉત્સવ પડીયાએ તમામ રિપોર્ટ તેમજ અન્ય બાબતોને ચકાસીને આ જટિલ ઓપરેશન અહિંની સિવિલ હોસ્પિટલમાં જ કરવાની તૈયારી દર્શાવી હતી. ત્યાર પછી અહીં તેમણે લાંબા સમયની સર્જરી બાદ આ ઓપરેશન સફળતાપૂર્વક સંપન્ન કર્યું હતું અને મોહનભાઈને તેમની ચાલી ગયેલી આંખની દ્રષ્ટિ પરત મળી હતી. આમ, ખરા હાથમાં ડોક્ટરે ભગવાન બનીને આંખની આ કઠિન સારવાર સફળતાપૂર્વક કરતા મોહનભાઈ તેમજ તેમના પરિવારજનોએ ડોક્ટર પડીયા તેમજ હોસ્પિટલના સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઓખા મંડળમાં બે પરિણીતાઓને સાસરીયાઓનો સીતમ : ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ઓખા મંડળના મીઠાપુર ખાતે રહેતા રહેતી અને કૌશિકભાઈ અરીલાની ૩૧ વર્ષની પરિણીત પુત્રી વિભૂતિબેન આશિષભાઈ ઘાવડાને તેણીના લગ્નજીવન દરમિયાન તેણીના પતિ આશિષ યોગેશભાઈ ઘાવડા (ઉ.વ. ૩૪) દ્વારા અવારનવાર શારીરિક તથા માનસિક ત્રાસ આપી, મારકૂટ કર્યાની ફરિયાદ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાઈ છે.

અન્ય એક બનાવમાં હાલ દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતી અને આરબભાઈ જુમાભાઈ લુચાણીની ૨૩ વર્ષની પરિણીત પુત્રી મહેમુદાબેન અલનુર ઢીમરને તેણીના લગ્નના વર્ષ ૨૦૨૧ માં સારી રીતે રાખ્યા બાદ તેણીના પોરબંદર તાલુકાના ગોસાબારા વિસ્તારમાં રહેતા પતિ અલનુર અલારખા ઉર્ફે લાખાભાઈ ઢીમર, સસરા અલ્લારખાભાઈ તેમજ સાસુ નુરબાઈ અને અસલમ અલ્લારખા, આસીયાનાબેન ઈમરાન અને ઈમરાન જાફર ઢીમર નામના છ સાસરિયાઓએ તેણીને દરિયામાં માછીમારી કરવા જવા બાબતે મેણા ટોણા મારી, બિભત્સ ગાળો કાઢી, શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપવા બાબત દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

## મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧૬ દિવસ સુધી મહિલાઓ વિરૂધ્ધ થતી હિંસા નાબૂદી જન જાગૃતિ અભિયાન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૬

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૨૫ નવેમ્બર(International Day for the Elimination of Violence against Women) થી ૧૦ ડિસેમ્બર(Human Rights Day) દરમ્યાન મહિલાઓ વિરૂધ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત ૧૬ દિવસ સુધી મહિલાઓ અને કિશોરીઓ ઉપર થતી જાતિગત હિંસા સંબંધિત મુદ્દાઓને અનુલક્ષી કાર્યક્રમો યોજાશે. "ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન" (DHEW) ટિમ દ્વારા રાજકોટ જિલ્લામાં જાતિગત સંવેદનશીલતા હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩, ઘરેલુ હિંસા પોક્સો એક્ટ ૨૦૧૨,બાળલગ્ન પ્રતિબંધિત અધિનિયમ ૨૦૦૬, ગુડ ટચ બેડ ટચ, સાઈબર સેફટી અંગે જાગૃતિ કાર્યક્રમ/સેમિનાર/તાલીમનું આયોજન કરવામાં આવશે.

Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૦૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**ભૌતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી.અશ્વિનભાઈ મગનભાઈ કારાવડીયા શ્રીમતી પ્રીતિબેન અશ્વિનભાઈ કારાવડીયા ૨૦૦૦૨૦૩૦૦૧૦૨૮૨ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નંબર ૩૩૩/૧ અને ૩૩૩/૨, પ્લોટ નં.૨૦/ભાગ, સરદાર નગર, હીરો શારૂમ પાછળ, રેલ્વે સ્ટેશન સામે, માળીયા હાટીના, મોજેઃ માળીયા, જિલ્લોઃ જૂનાગઢ, ગુજરાત–૩૬૨૨૪૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ વોકળો, પૂર્વઃ કોમન પ્લોટ અને વોકળો, પશ્ચિમઃ રોડ, દક્ષિણ : ભાવનાબેન કિશોરભાઈ વાળાની મિલકત જમીન | ૦૧.૦૩.૨૦૨૪ | ૨૩.૧૧.૨૦૨૪ | રૂ.૭,૨૪,૬૯૬.૦૩ |

સ્થળઃ જૂનાગઢ
તારીખઃ ૨૬/૧૧/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# પૂ. તનસુખગીરી બાપુની માલિકીની ભીડભંજનની જગ્યાનો ગેરકાયદેસર કબ્જો મેળવવાનાં પ્રયાસ અંગે હરીગીરી સહિતનાઓ સામે લેખિત ફરિયાદ

## બ્રહ્મલીન તનસુખગીરી બાપુના વારસદારો દ્વારા હરીગીરી, પ્રેમગીરી તેમજ ચાદરવિધીમાં હાજર રહેલા સામે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરમાં છેલ્લા ૧૦ દિવસથી મંદિરોના મામલે ભારે વિવાદ ઉઠવા પામેલ છે. ખાસ કરીને અંબાજી મંદિરના મહંત પૂ. તનસુખગીરી બાપુના દેવવિલય બાદ જે ઘટનાક્રમ સામે આવ્યો તે મુજબ અંબાજી મંદિર ઉપર કબ્જો જમાવવા તમામ દાવપેચ પ્રપચ ખેલી અને કબ્જો જમાવવાની ભારે હિલચાલ કરવામાં આવી હતી. તેવા આક્ષેપ થઈ રહ્યા છે. આ સાથે જ તનસુખગીરી બાપુની ધુળલોટ વિધી સમયે જ નવા મહંત તરીકેની ચાદરવિધી અને નવી નિમણુંક કરી નાખવા મુદ્દે ભારે ધમાસાણ મચી જવા પામ્યું હતું. તનસુખગીરી બાપુના પરિવારજનોએ આત્મવિલોપન ની ચિમકી પણ આપી હતી અને વધુ એક ડગલું આગળ વધી ગઈકાલે પોલીસમાં એક ફરિયાદ અરજી પણ આપવામાં આવી છે. હરીગીરી તેમજ તેના મળતીયા વિરૂધ્ધ પોલીસને આપેલી અરજીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તાનાસુખગીરીબાપુની માલિકીની ભીડભંજનની જગ્યામાં બળજબરીથી ઘુસી જઈ અને આ જગ્યા પચાવી પાડવાનું કાવતરૂ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે ફરિયાદ અરજી પલીસને આપતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર અંબાજી મંદિરના મહંત તનસુખગીરીજીના દેહવિલય બાદ તેમની સમાધિ પાસે ધૂળલોટની વિધી વખતે ભવનાથ મંદિરના મહંત હરિગીરીએ જૂના અખાડાના પ્રેમગીરીની ચાદરવિધી કરી નાખ્યા બાદ તનસુખગીરીજીના કૌટુંબિક વારસદાર અને ભીડભંજન મંદિરે સેવા-પૂજા કરતા તેજસભારથી રસીકભારથીએ બંને સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ અરજી આપી છે. અરજીમાં એવો આક્ષેપ કર્યો છેકે, તેઓએ સમાધિ વખતે જોહુકમી અને અખાડાના મહંત તરીકે પદનો દુરૂપયોગ કરી પોતાના કુટુંબીજનોને અને સેવકગણને ધાકધમકી આપી સમાધિની કાર્યવાહી કરી હતી. તા. ૧૯ નવેમ્બરે બંનેએ બીજા અંગત મળતિયા અને પચાસેક સાધુ મહાત્માઓને સાથે રાખી યોગેશગીરી મહેન્દ્રગીરી ગોસ્વામી પાસે બળજબરીથી મિડિયા સામે ખોટું નિવેદન દેવડાવ્યું હતું. બીજા દિવસે ધૂળ લોટના પ્રસંગે પોતાના કુટુંબની ઈચ્છા વિરૂદ્ધ તા. ૨૦ નવે.ના રોજ કુટુંબીજનો ઉપર હુમલો અને ગેરકાયદેસર અવરોધ કરવાની તૈયારી કરી ખોટી રીતે ગુરૂ પરંપરા તોડી પ્રેમગીરીને મહંત તરીકે જાહેર કરી દીધા હતા. આથી બંને સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી પણ કરાઈ છે. દરમ્યાન એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળીએ જણાવ્યું હતું કે, અરજીનો અભ્યાસ કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**ગિરનાર પરનાં અંબાજી મંદિરની જગ્યા વંશપરંપરાગત માલિકીની**

અરજીમાં એવું પણ જણાવ્યું છેકે, તનસુખગીરીબાપુને આ જગ્યા તેમના ગુરૂ દ્વારા નવાબ વખતે કાયદેસર લેખથી ખરીદવામાં આવી હતી. આ રીતે ભીડભંજન મહાદેવની જગ્યા પણ પોતાના કુટુંબની વંશપરંપરાગત માલિકીની છે. આ સાથે તેને લગતા નવાબ સમયના રૂક્કા પણ અરજીમાં સામેલ કરાયા છે. જેમાં નવાબી સમયમાં જગ્યાનો કબજો તનસુખગીરીજીનાં ગુરૂને અપાયાનો ઉલ્લેખ છે.

## હરીગીરી દ્વારા બે પત્રો જારી કરાયા : નાણાં આપ્યાનાં આક્ષેપ પાયાવિહોણો ગણાવ્યાં




જૂનાગઢ તા. ૨૬

સોશીયલ મીડીયામાં શ્રી પંચ દશનામ જુના અખાડા બડા હનુમાન ઘાટ વારાસણી (ઉ.પ્ર.) રજીસ્ટર એકટ ૨૯ સન ૧૮૬૦ના અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ છે. પંચ દશનામ જુના અખાડાનાં મુખ્ય સંરક્ષક મહંત હરીગીરીજીની નીચે મહોર અને સહી છે. જેમાં રાજકીય પાર્ટીઓ તેમજ ગીરનાર મંડળનાં વરિષ્ઠ સાધુ સંતો, પદાધિકારીઓને રૂપિયા લેવડ દેવડ કરાઈ હોવાનું જણાવાયું છે. જે પુરી રીતે અસત્ય અને બે બુનિયાદ છે. શ્રી પંચદશનામ જુના અખાડાથી કોઈ લેવડ-દેવડ થઈ નથી. ૨૩ નવેમ્બર ૨૦૨૪એ પ્રયાગરાજ ભૈરવ અષ્ટમી ધ્વજારોહણના પ્રસંગે મળેલી બેઠકમાં આ વાતને પૃષ્ટી કરાઈ છે.

જયારે બીજા લેટરમાં હરીગીરી મહારાજે જણાવ્યું છે કે મેં મહંત હરીગીરી ગુરૂદત્તાત્રેય શ્રી પંચદશનામ જુના અખાડાનાં પદાધિકારીની હેસીયતથી આ લખીને આપું છું કે, મહેશગીરીને જે ફર્જી લેટરને વાઈરલ કર્યો છે. જેમાં ઉલ્લેખ કરાયેલા ગિરનાર મંડળનાં ગણમાન્ય સાધુ સંતો, રાજકીય પાર્ટીઓના સભ્યો અને શાસન પ્રશાસનના પદાધિકારીઓ કોઈને પણ શ્રી પંચદશનામ જુના અખાડા કે મહંત હરીગીરી મહારાજની તરફથી વ્યકિતગતરૂપે આજસુધી કયારેય પણ એકપણ પૈસો અપાયો નથી અને એના માટે અખાડામાંથી કોઈ રકમ લેવાઈ નથી. અને અખાડાનાં ખાતામાં કયાંય પણ આટલી મોટી કમ છે જ નહી. મહંત હરીગીરીએ જણાવ્યું હતું.

## અખાડા દ્વારા તપાસ કરીને નિર્ણય લેવામાં આવશે : હરીગીરી

જૂનાગઢ તા. ૨૬

ભવનાથ મહાદેવ મંદિરને કબ્જો કરવા અઢળક રૂપિયાનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો. અને કેટલાક લોકોને રૂપિયા આપી દેવામાં આવ્યા હોવાનાં આક્ષેપની સાથે જ એક પત્ર પણ મહેશગીરી બાપુએ મીડીયા સમક્ષ મુકયો હતો. અને જેને લઈને ભારે હલચલ મચી ગયેલ છે. તો બીજી તરફ હરીગીરીજીએ એમ જણાવ્યું હતું કે અખાડા દ્વારા તપાસ કરીને નિર્ણય લેવાશે.

જૂનાગઢમાં અંબાજી મંદિરનાં મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ સમાધી અપાય તે પહેલા જ ગાદીના વારસદારનો વિવાદ ચગ્યો છે. એટલું જ નહી હરીગીરી મહારાજ ભવનાથ નહી છોડે તો ૧ લી ડીસેમ્બરે હજારો સાધુ-સંતો સાથે ભવનાથ મંદિરનો કબ્જો લેવાની ચીમકી ઉચ્ચારતા વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો. આ ઘટનાક્રમ બાદ હરીગીરી મહારાજ જૂનાગઢમાંથી ગાયબ થઈ ગયા હતા. દરમ્યાન ગઈકાલે સોમવારે તેઓ ભવનામાં આવ્યા હોવાની જાણ થતાં પત્રકારોએ હરીગીરી મહારાજને કેટલાક સવાલો પુછયા હતા. જેમાં જે લેટર લખાયો છે તેમાં કરોડો રૂપિયા અપાયાનો ઉલ્લેખ છે તે મામલે પુછાયેલા પ્રશ્નના જવાબમાં હરીગીરી મહારાજે જણાવ્યું હતું કે તમને જે સત્ય લાગે તે. બાકી અખાડા દ્વારા તપાસ કરીને પછી નિર્ણય લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## નાણાં આપ્યા હોવાનાં આક્ષેપ સાથેનો વાઈરલ થયેલ પત્ર હરીગીરીએ બનાવટી ગણાવ્યો

જૂનાગઢ તા. ૨૬

ગિરનાર ક્ષેત્રમાં આવેલ અંબાજી મંદિરનાં મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ ગાદી વિવાદે ભારે હોબાળો મચાવ્યો છે. અને આ વિવાદ વધુને વધુ વકરી રહયો છે. ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુએ તાજેતરમાં લેટર બોમ્બ ફોડીને હરીગીરી સામે સીધુ નિશાન તાકયું હતું. હરીગીરી મહારાજે નાણાં આપીને મંદિરનો કબ્જો મેળવ્યાનો લેટર વાઈરલ થયો હતો. ત્યારબાદ સંતોમાં જાણે લેટર બોમ્બ ફોડવાની સ્પર્ધા જામી હોય તેમ લાગી રહયું છે. મહેશગીરીનાં લેટર બોમ્બ બાદ હરીગીરી મહારાજે ૨૫ નવેમ્બરે બે લેટર વાઈરલ કર્યા હતાં. આ લેટરમાં જણાવ્યું છે કે રાજકીય પાર્ટી, સંતોને રૂપિયા આપ્યાનો વાઈરલ પત્ર ખોટો અને પાયા વિહોણો છે. વારાણસીથી આવ્યા બાદ તેમણે આ પત્ર વાઈરલ કર્યા છે. જેથી હવે આ લડાઈ વધુ રસાકસીભરી બની રહી છે.

